શુરવીર

રાજભક્ત મોતીસીંગ.

ગદ્ય તથા પદ્યમાં

રચનાર.

સ્વદેશ હિતચિંતક.

ગોધરા. (પંચમહાલ.)

અમદાવાદ.

શ્રી "ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

કીમત. રૂ. ૦-૮-૦

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૯૬૮

गुजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૯૬૮ वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय

અર્પણ પત્રિકા.

રેવાકાંઠા એજન્સી સંસ્થાન બારીઆના પરમપૂજ્ય, સર્વોપમોચિત, પરમ કૃપાળુ મહારાણા રાઊળ શ્રી માનસીંગજીની પવિત્ર સેવામાં,

આ અલ્પ પુસ્તક તેમની ઉદારતા તેમજ
વિવેક બુદ્ધિ અને સમુદાયોચિત
કાર્ય મંડળ પ્રભુત્વ,
પ્રસંગોપાત
વિદ્યોત્તેજક
મહત્વાકાંક્ષા
અને
અનેક ગુણ સંપન્ન વિદ્યમાન કળા
કૌશલ્યતાને અંકિત થઇ અર્પણ કર્યું છે.

ગ્રંથ કર્ત્તા.

પ્રસિદ્ધ કર્તા

વિનાયક વાસુદેવ મેહેતા

પ્રસ્તાવના.

હે અમારા પ્રિય વાચકો, સ્વદેશ ભાષાને માટે, દેશી અંતઃકરણે, યોગ્ય અભિમાન રાખવો એ ઘણુંજ સારૂં છે. તે તમે કોઈ પણ પ્રકારે અનુગ્રહી લેશોજ. પરંતુ આપણી દેશી ભાષાના ગ્રંથોનો તોટોજ આપણા લોકોનો અભિમાન કેટલો બધો અને કેવા પ્રકારનો છે, તે સિદ્ધ કરી આપે છે. સ્વદેશ બંધુઓ જ્યારે આપણી ભાષા તરફ તિરસ્કાર ભરેલી આંખોથી જુએ; તો પરદેશીઓ તરફથી કેટલું ઉત્તેજન મળવાની આશા રાખવાનું આપણને કારણ મળે; તેનો વિચાર જેનો તેણેજ કરવો એજ યોગ્ય છે. હાલમાં આપણા કેટલાક લોકોને સ્વભાષા સ્વચ્છ બોલવાનીજ મારામારી પડે છે, તો દેશી ભાષામાં લખાયેલા ગ્રંથોનો ફેલાવો થવો એ કેટલું સહેલું છે તેનો વિચાર કરવો એ વાચકો ઉપરજ અવલંબી રાખ્યો છે. પોતે ગ્રંથો રચી દેશોન્નતીના કારણને પુષ્ટી આપે નહિ તે તો ખરૂંજ પરંતુ જો બીજો કોઇ પણ માણસ તે સાહસ કરવા તૈયાર થાય, તો તેને નાહિંમત કરવા તત્પર રહી તેની છીઃથુઃ કરીને પોતાનું નામ કાઢવું એમાંજ ડહાપણ સમજે છે. શું આ સ્વદેશીઓનું દુર્દૈવ નહિ તો બીજું શું ? ગમે તેમ થાઓ. પરંતુ અમારે એટલું તો કબુલ કરવુંજ પડશે કે આપણા લોકો દૃઢ સંકલ્પી તો ખરા તેમાં ફેર નહિ. એક વખત દેશને તથા દેશબાંધવ તેમજ દેશી ભાષાને કોઇપણ પ્રકારે ઉત્તેજન આપવું નહિ એવો દૃઢ વિચાર કર્યો કે પછી તે વિચાર કદી ફરવાનો નહિ. વહાલા વાચકો, જો આવો દૃઢ નિશ્ચય સ્વદેશ કલ્યાણાર્થે કરો તો અમે ખાત્રીથી કહીએ છીએ કે આપણી હાલની સ્થિતિને કાંઈ નવાજ પ્રકારનું રૂપ મળે એમાં શક નથી.

એક દિવસે સંધ્યા કાળે અમે અમારા મિત્ર મંડળી

સાથે બહાર ફરવા ગયા હતા ત્યાં દેશી ભાષા તરફની દેશ બાંધવોની લાગણીનો વિચાર નીકળ્યો. કેટલીક વાર સુધી તે બાબત ઉપર વિવેચન થયા પછી સદરહુ અમારા મિત્રોએ એક ગદ્ય તેમજ પદ્યમાં ગ્રંથ લખી શેઠ શાહુકારો તથા સ્વદેશ બંધુઓ તેમના દેશ પ્રત્યેની લાગણી કેટલે દરજ્જે પ્રદર્શીત કરે છે અને આ ગ્રંથની પણ કેટલી બુજ કરે છે તે જોવાને ભલામણ કરી. મિત્ર પ્રત્યેની ફરજ માની અમે આ કામ હાથમાં લીધું, અને અલ્પ મતિથી તેમજ ઇશ્વર કૃપાથી પૂર્ણ કર્યું છે. તે વાંચી અમારા અભિમાની વાચકો અમને કોઇ પણ જાતનું નિરાશ ચિન્હ બતાવશે નહિ, એવી ખાત્રી છે. આ અમારો પહેલોજ પ્રયત્ન છે, તેથી તેમાં ભૂલો તો હશેજ તેનો માફી બક્ષવી, એ દેશ બંધુઓનું કર્ત્તવ્ય કર્મ સમજીએ છીએ ઘણા ખરા કાર્ય-સાધુની પેઠે પોતાનાજ કામની પ્રશંસા કરવી, એ અમને યોગ્ય લાગતું નથી—તેથી અમે વધારે ન લખતાં એટલુંજ કહેવા માગીએ છીએ કે એક વખત આ લઘુ પુસ્તક ખરીદ કરી, તમારા બાંધવોને મદદ આપી તમારી સ્વભાષા તેમજ સ્વદેશ પ્રત્યેની પ્રીતિ કોઇ પણ રીતે પ્રગટ કરશોજ એવી આશા છે—ઇશ્વર તમારા મનની અંદર હસ્તે પર હસ્તે અમને મદદ કરવાની બુદ્ધિની પ્રેરણા કરે તે અર્થે અમે તેની હાથ જોડી પ્રાર્થના કરીએ છીએ.

આ પ્રસ્તાવના પુરી કરતાં પહેલાં અમે એટલું કહેવા માગીએ છીએ, કે અમારા પૂજ્ય પિતા સમાન પ્રિય ગુરૂ રા. રા. રાયચંદ ઇશ્વરદાસ પરિખ જેમણે અમને ગુજરાતી ભાષામાં સારી કેળવણી આપી છે, અને આ લઘુ પુસ્તક બનાવવાને સમર્થ બનાવ્યા છે. તેને માટે અમે તેમના જેટલા આભાર માનીએ તેટલા થોડાજ છે.

ગ્રંથ કર્તા.

પાત્રો.

સમરસીંગ—કંચનપુરનો રાજા.

સમશેરસીંગ— „ નો પ્રધાન.

અજીતસીંગ— „ સેનાપતિ.

અભયસીંગ— „ } રાજપુત્રો.

મોતીસીંગ— „

ચંદ્રાવતી—કંચનપુરની રાણી.

તારામણી અને કૌમુદી—ચંદ્રાવતીની દાસીઓ.

ચંદ્રકાન્તા—અભયસીંગની પત્ની.

કમળા—ચંદ્રકાન્તાની દાસી.

દેવળદેવી—મોતીસીંગની પત્ની.

પ્રેમચંદ્રીકા—દેવળદેવીની દાસી.

છત્રસીંગ—મોતીસીંગનો પુત્ર.

રણજીતસીંગ—અભયસીંગનો પુત્ર.

જોધપુર.

પ્રતાપસીંગ—જોધપુરનો રાજા.

કૈમાસ— „ પ્રધાન.

સુરપાળ— „ સેનાપતિ.

ગુણસુંદરી— „ રાણી (દેવળદેવીની માતા)

કલાવતી—ગુણસુંદરીની દાસી.

કનોજ.

દીલીપસીંગ—કનોજનો રાજા.
વિમુખસીંગ— „ ભાઇ
દુરમતસીંગ— „ પ્રધાન.
બાળકરાય— „ સેનાપતિ.

અને સુત્રધાર, નટી, ભાટ, સામંતો, ભીલ, જોશી, પરીઓ વિગેરે.

શ્રી રામચંદ્રજી પ્રસન્ન.

(૧)

બે બાળકો—

પ્રભુ માગીએ એ દેવ આજે, અમ ખુશીથી આપજે;
સૌ વિઘ્ન ગુર્જર ભૂપ દેશી, માનસિંહના કાપજે.
ભુપ શત્રુના દુર્ગુણ હરી, એ, નહીં કદી તું સાંખજે;
અમ દેશનો એ સ્તંભ છે, અચળ તું એને રાખજે.
ગોપાલ બ્રાહ્મણ પાલ એ, દિનપાલ રાજ્ય વેશનો:
નામે ખરો એ "માનસિંહજી", છે હિરો આ દેશનો
દુર દૃષ્ટિ આ વિચાર મનમાં, થાય છે સૌ સાથમાં;
કુસંપ દૂર કરી વિવેકો, પ્રસરીયા છે ભ્રાતમાં.
યુવરાજ રણજીતસિંહની, કૃત્તે કરો સૌ કામમાં;
પ્રભુ સુજ્ય અર્પો ન્હારસીંહને, ક્ષત્રિ–કુળની હામમાં.
એ ભૂપ વહાલા ભૂપતિ, અમ પ્રત્યે પ્રેમે બાળજે;
અભિમાની હિંદી ખોળીને, દુઃખ તેહનાં સૌ ટાળજે.
ઉન્નતિ કરશો બાપની, જે રાય છે આ દેશમાં;
અમ દીનની છે આશ એ, આવ્યા છીએ આ વેશમાં.
રક્ષો પ્રભુ રક્ષો મહા, રક્ષા કરો આ ભૂપની;
રક્ષા કરો સૌ કુળતણી, બરતી કરો ધન કૂપની.

(૨)

સર્વ પાત્રો—

ચેતો ચેતો મારા સઘળા વહાલા દેશીઓરે,
છોડી દો તમે સૌ ખાલી ફોગટ ઠાઠ
તિટકારો ભૂમીને વીરો વિજયી આશથીરે.
રજપૂતો નીદ્રે પડયા, નીશામાં ચકચૂર,
ખોયું નિજ મન હાથથી, ગુમાવ્યું દેશી નૂર.

સલાહ શાંતી કરી સંપ પ્રસારો દેશમાંરે,
જેથી ચઢશે કિરતી ઉંચે ફગશે ખાસ. તિ૦

સલાહ સંપનું રાજરે, વધારે મહા ગોપાળ,
નિદ્રા રસ્તે નહિ પડે, ધર્મ સાચવે બાળ.

નથી બહાદુરાઇ સ્વધર્મ-ધિક્કારમાંરે,
જેથી ધરતી ગાજે હેઠી બેઠી નીર. તિ૦

જાયે ધન પરદેશમાં, દેશ જનોના કીર,
ચેતે નહિ એ નરવીરો, છોડયો સંપ રણધીર.

નહીં ધારો મદ આ આગળ પડશે કાર્યમાંરે,
પરતંત્ર પડયો છે આપણો સઘળો સંઘ તિ૦

ગુજરાતી ગુજરાતના, પૈસાથી ભરપૂર;
ખરચે નહિ નિજ દેશને, માટે કણપુર નૂર.

તેથી ચેતો તમને અબળા કહે આ કાળમાંરે,
શાને પહેર્યાં તમે અબળાઓનાં ચીર. તિ૦

નોકરી નોકરી કરી જનો, ચાર દીશમાં જાય;
સ્વાર્થ સાધૂ બહુ જનો, પાપ માંહી ભીંજાય.

વહાલી માતા દીકરી, સ્રીને આપે પારકેરે.
ઉંચો હોદો પામે રાજી થઇએ વીર. તિ૦

એ હાલત કરે દેશની, સ્વારથ-લુબ્ધ જન આજ;
ફળ પછી ચાખે તેહના, તો પણ છે નહિ લાજ.

આવા શત્રુઓને ટાળો આપણા દેશથીરે.
સત્યાનાશે લોપ્યો પતિવ્રતાનો ધર્મ. તિ૦

એટલું કરે પણ ચૂપ નહિ, સ્વદેશી સાથે દાઝ;
પક્ષપાત આ મારશે, કપટ-અરીને આજ.

પક્ષપાત કરી વગ વશીલો લાવશેરે,
લાવી અર્પ કરે અધીકારી વર્ગ. તિ૦

દેશી જન દૃષ્ટિ કરો, જુઓ બન્યા કંગાલ;
જુઓ અભિમાની લોક તો, જઈ જ્યાંહાં બંગાલ.
હવે છેલ્લી શીખો તમ આગળ આ મૂકીએરે.
તે સૌ સુણજો મારા અભિમાની લોક. તિ૦

જય વીજ્ય વીજ્ય કરો, વિજ્ય કરો પરમેશ;
થાઓ અમારા દેશની, ચઢતી હર હમેશ.
જય જય થાઓ અમારા દિલમાં અતીશય હામ છેરે.
વીજ્ય વાવટા બહુ દેશી લગાડો આજ. તિ૦

અમ બંધૂ મૂસલમિનો, ઝટો સમારો દેશ;
બાંધી બખ્તર નિજ મને, છોડો વેરી વેશ.
જય જય થાઓ દેશી જય વિજ્યી આ સમેરે.
જય જય કાર થાયે જય જય દેશી રાજ. તિ૦

અંક પહેલો. (૩) પ્રવેશ ૧ લો.

ઇશ્વર પ્રાર્થના.

સુત્રધાર (હાથમાં વીણા લઇને)

સ્હાય મુને તૂં કરજે, દયાકર સ્હાય મુને તૂં કરજે
મનમાં હું દેશોન્નતિકારણ થઉં, માગુ કુમક તવ સાજે—દયા૦ ૧
"મોતીસીંગ"નો ખેલ બજવતાં વિઘ્ન સૌ તૂં મારાં હરજે.
દયાકર૦ ૨
અમદિનપર ઓ માયાળુ થઇને અચળ દૌલત અમ દીજે.
દયાકર૦ ૩

નટી—પ્રાણનાથ, આપના આ આજના વિવિધ રસથી ભરપૂર એવા ગાયનનો ગુપ્ત મર્મ એક ચિત્તે સાંભળતાં આપના મનમાં કંઈ નવાજ પ્રકારે આશ્વાસન લીધું હોય એવું મને ભાસે છે. માટે હે નાથ આપ આટલા શ્રમીત થઇને જે

ઇશની પ્રાર્થના કરો છો તેનું કારણ આ આપના ચરણે લીન થયેલી દીન દાસીને જણાવવા કૃપાવંત થશો.

સૂત્રધાર—પ્રાણપ્રિયા, આજે તમારા મુખથી મધુર વચન સાંભળી મને અત્યાનંદ થયો છે. કુદરતના નિયમ પ્રમાણે સ્ત્રીઓ તેમના ભતારની અર્ધાંગના છે; તે નિયમને અનુસરીને મારે મારો હેતુ તમારી ઇચ્છાનું રૂપ જણાવવાની જરૂર છે અને તે કામમાં તમારી જરૂર પડતી મદદ લેવી પડશે તો સાંભળોઃ—

બોધપર નાટક મનમાં ભજવું
એવું મને પ્રીયા આજે દયાકર૦ ૪
માટે તૂં પ્યારી મેહેલે જઇને
સામગ્રી તૈયાર કરજે દયાકર૦ ૫
સામગ્રી લાવી ખેલ ભજવીશું
મારા શ્રમ તૂં હરજે દયાકર૦ ૬

નટી—પ્રાણનાથ, અમારી મદદની જરૂર પડશે એમ કેમ? અમે તો એમાં અમારો પૂજ્ય ધર્મ ગણીએ છીએ. પતિની આજ્ઞા અક્ષરશઃ પાળવી એ પતિવ્રતા સ્ત્રીનો મુખ્ય ધર્મ છે. માટે આપને જરૂર પડશે એમ નહિજ, પરંતુ આપ અમારી મદદ કોઇ પણ બાબતમાં જ્યાં વ્યાજબી હોય ત્યાં લેવાને મનમાં સંકોચ ન રાખતાં ખુશીથી લેવાને હકદાર છો અને અમે તે આપવાને બંધાયલાં છીએ. નાથ, આપે જે સુવિચાર કર્યો તે સૈ ઇશ્વર કૃપાથી જરૂર સફળ થશે અને તેમાં હું મારી બનતી મદદ અર્પવાને ઘણીજ આતુર થઇશ. માટે

નટી. (સૂત્રધારના ગળામાં હાથ નાંખીને)

૪

જુઓ જુઓ પ્રાણથી પ્યારારે બધા જોવા બેઠાછે આજરે,
હવે ચાલો ઇશના પ્રતાપથી કરીએ સફળ સૈ કાજરે

તમે મનમાં ધાર્યું હશે, તેની કાર્ય સિદ્ધી થાશે,
ચાલે આપણે જઇએરે હવે વેળા આવી છે પાસરે. જુઓ.

સુત્રધાર—પ્રાણપ્રિયા, આ સભાજનો ઘણા ઉત્સુક્ત થયેલા માલુમ પડવાથી વધારે વિલંબ કરવો જોઇએ નહિ માટે આવા અસાતુંર થયેલા સભાજનોને તથા સદગૃહસ્થોને મારી એટલીજ વિનંતી છે કે આજ હું ઇશ્વર કૃપાથી તથા તેની આજ્ઞાથી જે મોતીસીંગનો ખેલ બજવવા પ્રયત્ન કરૂંછું તેમાંથી અનુકરણ કરવા જેવું જે હોય તે કોઇપણ રીતે પ્રગટ કરી અમને આભારી બનાવશો. હે મૃગલોચની, હવે આપણે એક વખત ઈશની પ્રાર્થના કરી તેની સહાયતા માગીએ.

નટી અને સુત્રધાર (પગે પડીને)

(૫)

પ્રભુ આજરે અમને કાર્ય સિદ્ધીમાં સહાય તું કરજે
અમને જય તું આપી વિઘ્ન અમારાં સદા સદા હરજે

(સભા સામો હાથ કરીને બોલે છે)

સભા જનો વિનતી કરી, લાગી નિજમન ભકતી કરી વાટ
ભૂલ ચુકની માફી આપો ઝટીએ સ્વદેશ હિત માટે,

(બન્ને જણ જાય છે.)

પ્રવેશ બીજો.

સમરસીંગનો દરબાર.

સમરસીંગ—પ્રધાનજી.

સમશેરસીંગ—મહારાજ.

સમરસીંગ—જેવી રીતે જળ વિના મીનને રહેવું અઘટિત છે જેવી રીતે મૃગ જળ દેખી તૃષીત થયેલાં હરણો આમ તેમ દોડી છેવટે નિરાશ થઇ લોથ થઈ પડે છે જેવી

રીતે કામાંધાદિ પુરૂષોની સ્થિતી અકલ્પિત કારણોથી લથડે છે, જેવી રીતે રૂનું ગાબલું અગ્નિને દેખી ભડકે છે, અને જેવી રીતે ભક્તિમાર્ગી પુરૂષોની સ્થિતી ઇશચરણને પામ્યાથી અચળાડગ થઈ પડે છે તેવીજ રીતે આ મારી નાશવંત કાયાનો વિચાર મારા મનમાં આવે છે ત્યારે મને જરા પણ સુઝ પડતી નથી. મારૂં મન તીવ્રકંટકની ચોતરફની વાડથી અતિ દુભાય છે. અને તેમાંથી મુક્ત થવા માગે છે. પણ કાંઈ રસ્તો સુઝતો નથી.

પ્રધાન—હે શિરતાજ, અનેક ગુણ સંપન્ન, સર્વે સુખોપભોગી, વૈભવ વિલાસી, મહારાજ આપના આ હૃદયભેદક વાક્યો સાંભળી મારૂં કાળજું ચીરાઇ જાય છે. માટે કૃપા કરી આપના શોકનું કારણ શું છે તે આ દાસને જણાવવા કૃપા કરશો. આપને જો કોઇ શત્રુ તરફથી પીડા થતી હોય તો તેને હણવા હું સમર્થ છું, તેમજ આપના વાહાલા પુત્ર અભયસીંગ પોતાના નામ પ્રમાણેજ શત્રુથી નીડર રહે છે. હે શીરતાજ, આપની પાસે આવા રણધીર યોદ્ધા છતાં આપને શોક કરવાનું શું પ્રયોજન છે?

સમરસીંગ—પ્રધાનજી,

(૬)

વૃદ્ધ થઇ છે ઉમર મારી, પ્રિય સચીવ સુણ છો
મમ પુત્ર અભયસિંગને, રાજ્યાભિષેક પમાડવો
જેથી કરી શિરનો બોજો ઉતરી કરૂં ઇશનો લ્હાવો. વૃદ્ધ.
વળી યુક્ત વય આ મોતીસીંગનું દાઝે મમચિત્ત કારમું.
જાય જે અવિનાશી શુભ પ્રસંગને લાવજે જીવ તારમું. વૃદ્ધ.

સમશેરસીંગ—મહારાજ, તે બાબતની કશી ફીકર રાખવી નહીં. અમે ઇશ્વરની ખરા અંતઃકરણથી પ્રાર્થના કરી

આભાર માનીએ છીએ કે આ અમને અમારા નીમકહલાલ-પણાનો પ્રત્યક્ષ દાખલો બતાવવાની અમુલ્ય સંધી છે, તો હે કૃપાસાગર આપ નચીંત રહો. પરમેશ્વર સૌ સારૂં કરશેજ.

મહારાજ-- (૭)

જોધપુરથી આવ્યું છે વરનું માગણું (૨)
ત્યાંના રાજા પ્રતાપસીંગની દેવળદેવીનું-
આપણા મોતીસીંગની સાથે લગ્ન થાવાનું
માટે સભા જનો તમોને ખુશી થાવાનું
કારણ મળે છે રે તમોને આજનું. જોધપુરથી.

ચોપદાર—મહારાજ જોધપુરના મહારાણા શ્રી પ્રતાપ-સીંગના પ્રધાન કૈમાસજી આપ સરકારને મળવાની રજા, માગે છે. આગ્ના હોય તો બોલાવું.

સમરસીંગ—તેમને અંદર આવવા દો.

કૈમાસ (યોગ્ય રીતે નમન કર્યા પછી)

(૮)

સુણો મહારાજા સમરસીંગ તમે
જોધપુરે કરીએ સ્વયંવર અમે
પ્રતાપસીંગે મને મોકલ્યો મહારાજ
આમંત્રણે આવ્યો સુણો શીરતાજ
કન્યા દેવળ દેવી છે સૂરૂપ ખાણ
ઘણા રાજા જોઇ ભૂલી ગયા ભાન
જુઓ છબી કંચનના સમરસીંગ
બીજા રાજા જોઇ બની ગયા દીંગ

અજીતસીંગ—હું આજે મહારાજા ધીરાજ રાણા શ્રી સમરસીંગ બહાદુરની રજા સાથે કહેવા માગું છું કે આ આજનો અમૂલ્ય વખતનો લહાવો અમને મળવાને નેક નામ-દાર આવેલા પ્રધાન કૈમાસજીના આમંત્રણને સ્કાર દેઇ અમને

આભારી અનાવશેજ (સભા તરફ નજર તથા હાથ કરીને)

(૯)

અત્યાનંદયુક્ત વાત સુણી હોંશે સાજનો
કૈમાસ સુપ્રધાન પ્રતાપ રાજનો. (અત્યાનંદયુક્ત)
શુભ કાજે લાગી રાજંન શુભ તમને યાચીએ
લાવીશું સુપ્રસંગો, ફળ મીઠાં ચાખીએ
ભંડાર દ્વાર ખોલો, ઘટ પૂરો દાનનો (અત્યાનંદયુક્ત)

૧૦

પરિઓ--આવે છે.

આજે ખુશીની વાત (૨) તનનનનનન છુમ છુમ
ચાલો જઇએ હવે (૨) છનનનનનન રૂમઝુમ
કંચનપૂરના દરબારમાં, બેસે સામંતોની હાર
સમરસીંગ માહારાજના, અજીતસીંગ સરદાર.
સઉ સહિઅર સાથ (૨) ઝનનનનનન ઝુમઝુમ. આજે.
મોતીસીંગ માહારાજના, પીતા સમરસીંગ તાજ
અભયસીંગ માહારાજને, આપશે સઘળું રાજ
રમો મેળવી હાથ (૨) ચનનનનનન ચુનચુન. આજે.

કૈમાસ—આજે મારા ભાગ્યનો પૂર્ણ સૂર્યોદય થયો ખરો. હવે આ વાતની ખબર જોધપૂરમાં પ્રસરતાંજ ત્રીભૂવનમાં પણ ન સમાય એવા હર્ષભેર ત્યાંના નગર વાશીઓ મારી તરફ જોઈ પોતાનો આનંદ વિધ વિધ પ્રકારે પ્રગટ કરશે, તેને માટે હું પરમેશ્વરનો તથા સમરસીંગ મહારાજનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું હવેઃ—

(૧૧)

ચિતમાં હર્ષ ભાય આજે મનમાં ન સમાય.
કંચનપૂરના રાજ્ય શિરોમણી કીધં દીધો રૂકાર

તેથી આભારી થઈને હું માગું રજા સરકાર
જલદીથી આવી તમોને મંડપને શોભાવો
પ્રતાપ લેશે સુખનો લ્હાવો (ચિતમાં)

સમરશીંગ—મારા શાણા સામંતો, હવે કૈમાસ પ્રધાન કે જેમને પ્રતાપસીંગજીએ મોકલ્યા છે તેમના કાર્યની સિદ્ધી થઇ અને જેમણે પોતાનો હર્ષ પ્રદર્શીત કરી આપણને પ્રભુના ચરણ સ્મરી આભાર માનવા સમર્થ બનાવ્યા છે. માટે જોધપૂર જવાની જલદીથી તૈયારી કરો કે જેથી સર્વ નગરમાં આનંદની બાતમી પ્રસરે. (દરબાર બરખાસ્ત.)

પ્રવેશ ત્રીજો.

પ્રતાપસીંગનો દરબાર.

પ્રતાપસીંગ—હે મારા શુરવીર સેનાપતી આપણા હાલ પ્રધાન કૈમાસજી હજુ સુધી કેમ આવ્યા નથી વારુ ? તેનું કારણ કંઇ સમજાતું નથી. તેમને માટે અહનિશ મને ચિંતા થયા કરેછે. વાટમાંકાંઇ તેમને અનિવાર્ય વિઘ્ન તો નહિં નડયું હોય? તેની તપાસ કરવા યોગ્ય માણસોની સાથે તમે જાઓ, અગર તમારા બરેંસાદાર કોઇપણ બીજા માણસને મોકલો કે તેમની શોધ કરી જલદીથી પાછો આવે.

સૂરપાળ—આજ્ઞા મહારાજ, આપ નામદારના હુકમ મુજબ સર્વ તૈયારી કરૂંછું. (જાય છે) એટલામાં બહારથી કૈમાસને આવતો દેખી પાછો સભામાં આવી કહે છે.) મહારાજ કૈમાસજી આવે છે.

પ્રતાપસીંગ—ક્યાં છે ? તેમને આવવા દો.

સૂરપાળ—મહારાજ તે અર્ઝીજ આવે છે (કૈમાસને વધાવી યોગ્ય આસન આપ્યા પછી ખબર અંતર પૂછે છે.)

૧૨

કૈમાસ—

સુણો સર્વોપમ રાજન શાણા તમે, ખુશીની ખબર અંતર કહીએ અમે
કંચનપુરે વસે છે સમરશીંગ રાજ, પ્રજા અને ત્યાં સુરાઓ છે તાજ
શુરારાજ્ય પુત્ર મોતીસીંગ નામ, પવિત્ર કરશે આવીને આ ગામ
બત્રીસ લક્ષણો પૂર્ણ છે આ તંન, સમશેર ઉપર એનું બહુજ છે મન
લાયક એમને છે દેવળદેવી બેન, ખરેખર જોયે પડે નહિ ચેન

પ્રતાપસીંગ—સુરપાળજી, હું જેને માટે આટલા દિવસ સુધી નિરંતર કાળજીમાં રહેતો હતો તે કાળજી હવે ઇશ્વર કૃપાથી દુર થઇ. અહા !

૧૩

બહુ ખુશીની આ વાત કહી સુવિધાન.
શુરા મોતીસીંગ ક્ષત્રીયમાં છે વિદ્વાન
જ્યારે દેખીશ દંપત થઇશ બહું હું રાજી
જોડું અમર થાઓ નક્કી રહે બહુ સાજી
પ્રભુ જલદીથી સૌ કાર્ય સફળ તું કરજે.
સૌ નિર્વિઘ્ને કરી પાર દયા ઉર ધરજે
અમો રંક આજ સૌ દીન વદન માગીએ
પુર આશાથી આ લગ્ન કાજ લાગીએ

પ્રતાપસીંગ—પ્રધાનજી મારું ઇચ્છીત કાર્ય સફળ થયું તેને માટે આ મારો મુદ્રરેખાંકિત હાર તમને બક્ષિસ આપું છું (હાર આપે છે.)

કૈમાસ—મહારાજ, આપની રેહેમ નજર છે તો સર્વે કાંઈ આકારની બરોબરજ છે. હવે હું રજા લઉં છું.

૧૪

પ્રતાપસીંગ—

ચાલો સામન્તો હવે તમોને ખુશીની છે વાતજો.

હર્ષની છે વાત જો આનંદ અતિ ઉમરાવજો. (ચાલો)
ચાલો સૌ મતે તૈયારી તમે મંડપો સમારો જો
અતિ હર્ષભેર થાય મુજ પુત્રી લગ્ન કાર્યજો
હર્ષ દંપત દેખીને મન ત્રિભુવને ન સમાયજો (ચાલો)

(સુરપાળને)

સૌ દેશ રાજપુત્ર તમે જલદીથી તેડાવોજો
લગ્ન ચિઠ્ઠી મોકલી શિઘ્રોશે હેમથી જડાવોજો
ક્ષણુ એકે વિલંબ વિના, તાતકાળે સમારોજો (ચાલો)

સુરપાળ--રાજાજી

૧૫

સમીયાણા તૈયાર, રાજ આજ સમીયાણા તૈયાર
મૂળ સ્વયંવર જાણુ હતી અમ કીધી તૈયારી સાર. (રાજઆજ)
હેમ અલંકાર બાકી રહ્યા છે, તે મમ શિરપર ભાર (રાજ)
લગ્ન ચીઠ્ઠીઓ લખીએ રાજન, ખુશ મન અપરંપાર (રાજ.)
ઢીલ થાય જો આ શેવકની, શેવક છોડે રાજ (રાજ.)

(સર્વ જાય છે)

પ્રવેશ ચોથો.

દેવળદેવીનો મેહેલ.

કૈમાસ—કલાવતી, દેવળદેવી બેન છે કે ? મારે એમને મળવું છે.

કલાવતી—હા પ્રધાનજી, આપ અહીં જરાવાર બીરાજો. હું અંદર જઇ બાઇ સાહેબને આપ પધાર્યાની વરદી આપી આવું.

કૈમાસ—બહુ સારૂં, જલદીથી આવજે, મારે ઉતાવળનું કામ છે.

કલાવતી—વારૂ (જાયછે—અંદર ગયા પછી) બાઇ સાહેબ, પ્રધાનજી અંદર આવવાની રજા માગે છે. તેમને ઉતાવળનું કામ છે રજા હોય તો અંદર બોલાવું.

દેવળદેવી-હા, જા તેમને અંદર બોલાવી આવ (તે દરમ્યા મનમાં) આહાહા ! મારા સુખનો સૂર્ય પરમેશ્વરે ઉગાડયો એ વું જણાય છે. પ્રધાનજી જાતે! અને ઉતાવળનું કામ! એવું તે શું છે ! જોઉં વારૂ. (પ્રધાનજી આવે છે. મુજરો થયા બાદ)

દેવળદેવી—પ્રધાનજી, આપ કંઈ ગામ ગયેલા હતા તો ત્યાંથી કેવા સમાચાર લાવ્યા છો તે જાણવાને માટે હું ઘણી જ આતુર છું કૃપા કરી જણાવશો ?

કૈમાસ--બેન સમાચાર ઘણાજ સારા છે.

(૧૬)

જો બેની સુંદર છબી લાવીઓ, શોભા કહું તૂજને
કંચનપૂરે ગયો હું બેનિ હતો, અત્યાનંદ મૂજને
ત્યાંના રાજા સમરસીંગ શૂરને મોતીસીંગ સૂત છે
લાવ્યો આ છબી તૂજને નિરખવા ક્ષત્રીયમાં કૂશળ એ.

દેવળદેવી--પ્રધાનજી, આજ મારો ભગ્યોદય થયોજ થયો. આપના સરખા પ્રિયબંધુના હાથથી દરેક કામ સફળ થાય છે તેવીજ રીતે આ પણ થશેજ એવી આશા રાખીને હું હતો ખરે મારી ઉમેદ બર આવી:—

(૧૭)

અતિ હર્ષ યુક્ત ચંચળ આ, શોભે કેવી દેહ ખરી
ચાલ ચટક મટક થઈ, મન વિકાસી હર્ષ ભરી (અતિ.)
સુંદર તનુ આ નિરખી, ચિત્ત ચોર છબિજ બની
મોહક મૂર્તી સુક્ષ્મ દ્રષ્ટિ, બાણુ હૈયે ભેદી લીધા
સુદીન તેજ નેહ પ્રભૂ, દાખવશે આજ વિધી
પ્રીય બંધુ ઉપકારી, તમ બગિની, ચિત્ર વરી. (અતિ.)

કૈમાસ--પ્રીય બેન, મારે તમારા સ્વયંવરની તજવીજ કરવી છે એટલે રજા તો આપશોજ (હસે છે.)

દેવળદેવી, વાહાલા બંધુ, આપની બેનની મશ્કરી કરવી એ ઠીક નહીં. ઠીક, જાઓ. જલદીથી જાઓ. (હસે છે)

(પ્રધાન જાય છે)

દેવળદેવી (દાસી પ્રત્યે)

દાસી, પરમેશ્વર કૃપાથી આજ મારૂં કામ સફળ થયું તેથી મને અતિશય આનંદ થયો છે, પણ હવે પરમેશ્વર પૂરેપૂરી ખુશી ક્યારે બતાવશે ?

દાસી—બાઈ સાહેબ, ધીરજ ધરો; પરમેશ્વર નીર્ધનને ધન આપે છે કમકૌવતને કૌવત આપે છે ત્યારે શું આપણને ખુશીના દિવસ નહિ બતાવશે ? માટે ચાલો, તમારૂં ઇચ્છિત કાર્ય સફળ થશેજ થશે. (પડદો પડે છે.)

પ્રવેશ પાંચમો.

પ્રતાપસીંગનો મેહેલ.

પ્રતાપસીંગ—પ્રાણપ્રિયા, આજે આપણને અતી હર્ષ ઉપજાવવાનું કારણ આ આપણા પ્રધાન કૈમાસજી તરફથી મળ્યું છે. તેઓ આપની દેવળ દેવીને વર શોધવા ગયા હતા તે વાતની તને ખબર હશેજ. વર શોધતાં કંચનપૂરે જઈ ત્યાંના રાજા સમરસીંગજીના રાજપુત્ર મોતીસીંગજીની સાથે આપણી દેવળદેવી બેનના લગ્ન માટે સ્વયંવરમાં યોગ્ય રચના કરી છે. આ રાજપુત્ર સર્વ સદ્‌ગુણ સંપન્ન છે. જુઓ આ તેની છબી કેવી રમણીયછે ? હવે વ્હાલી હર્ષ અતી ઉભરાયછે:—

(૧૮)

પ્રાણથી પ્યારી રાણી તું મારી સાંભળ મારી વાત
ધન્ય છે પ્રિયા રાજકુંવરને ધન્ય તેહની માત
પ્રધાન આવ્યો વાતજ લાવ્યો કહ્યું મે તુજને આજ
આપું દેવળ દેવી તેહને લઈ જાય મમરાજ

(ગુણસુંદરી ખુશી થઇને બોલે છે)

આનંદ, વાનંદ, સાનંદ વરશે, કુંવરી મારી તેનેજ વરશે.

પ્રાણથી--

કૈમાસ—મહારાજ આપણને હર્ષ થયો છે એટલુંજ નહી પરંતુ દેવળદેવી બેનને જ્યારે આ છબી બતાવી ત્યારેઃ--

(૧૯)

વંદુ રાજાજી દુઃખ શોક હારી
નિરખીને છબી સુખ થયું ભારી
વિનયતાથી ત્યાં ઉભાં બેન જ્યારે
હસ્તે અરપી મેં મોહક છબી ત્યારે
બોલે દેવળદેવી બહુ લાજે
તાત સ્વયંવર જલદી રચો આજે
મંડપ મોટો વિશાળ રચાવીશું
લાવ લસ્કર હય હસ્તી સજાવીશું
શુભ-તોરણો બંધાશે ઘેરઘેરે
હોમ હવનો જપ તપ નમ દેહરે

ગુણસુંદરી—પ્રધાનજી, હવે વિલંબ કરવામાં સાર નથી.

૨૦

જાઓ આજે (૨) પ્રધાન તમે જાઓ જલદી સુયશ લેઇ આવો (જાઓ૦)

પ્રભુ આજે (૨) સહાય કરો અમને યશવિવિધ ફળો બહુ તમને (જાઓ૦)

મળશે આજે (૨) જમાઇ સારો, પ્રભુ તમે એવું મનમાં ધારો (જાઓ૦)

પ્રવેશ ૬ ઠો.

રાજનો દરબાર.

દીલીપસીંગ—પ્રધાનજી, જોધપૂરના રાણા પ્રતાપસીંગ-

જીની દીકરી દેવળદેવીનો સ્વયંવર થવાનોછે. મારો ત્યાં જવાનો ઇરાદો છે. માટે સેનાપતિને કહી સર્વે સામગ્રી સાથે જલદીથી નીકળવાની તૈયારી કરો.

દુરમતસીંગ—આજ્ઞા સરકાર. (જાય છે)

દીલીપસીંગ—(પોતાના સામંતો તરફ જોઇને)

શૂરા સામંત તમે સૂણો જાવું જોધપૂર
દેવળદેવી પ્યારી મળશે ચઢશે મુજને નુર
દેવળદેવી વરસે મુજને કહું છું તમને આજ
પટરાણી કરી રાખું તેને આપું સઘળું રાજ. (શૂરા)

ચોપદાર—સરકાર, પ્રધાનજી અંદર આવવાની રજા છે.

દીલીપસીંગ—આવવા દો.

પ્રધાનજી--રાજાજી, હુકમ પ્રમાણે સર્વે સૈન્ય વિજયસીંગના હાથ નીચે તૈયારછે. આપની આજ્ઞા પ્રમાણે નીકળવાનું કરીએ.

દીલીપસીંગ--પ્રધાનજી, શાબાશ છે. તમારા જેવા શાણા શૂરવીર પ્રધાન મળ્યા પછી રાજાને કોઇપણ બાબતની હરકત પડેજ નહી. હશે પણ પ્રધાનજી, મેં એવું સાંભળ્યું છે કે દેવળદેવી કંચનપૂરના મહારાજા સમરસીંગના રાજપુત્ર મોતીસીંગને પૂર્ણ મનોદયથી વરી ચૂકી છે. તો મારો વિચાર મોતીસીંગના પિતા સમરસીંગને દુર કરી પછી સ્વયંવરમાં જઇએ એવો છે. તમારો કેવો વિચાર ?

દુરમતસીંગ—મહારાજ, આપના વિચારે મારો વિચાર, આપ કહો તો તેને મારવા મારા મોકલું. પરંતુ જ્યારે દેવળદેવી મનમાં મોતીસીંગને વરી ચૂકી છે ત્યારે તો પછી આપને તે વરમાળ પહેરાવે એ વાત મને તો અસંભવીત લાગે છે.

(૨૨)

દીલીપસીંગ:--

શર્મ છે પ્રધાનજી આ મુખે વદો વાણીરે

શું આવા ચતુર થઇને અક્કલ શું વેરાણીરે (શર્મ.)
જ્યાં સુધી કોઈ રાજમાં છે પ્રધાન તમ જેવારે
તે રાજાનું નીર્મૂળ થાશે પછી શું રહ્યું કહેવારે (શર્મ.)
શું કાયર બીકણુ થઇને આ કાઢો છો ઉચ્ચારરે
ચાલો સૈનાધીપતિ સાથે તત્પર થઇ તૈયારરે. (શર્મ.)

દુરમતસીંગ— (૨૩)

શાને કોપો દીલીપસીંગ શ્રેષ્ઠો મહારાજા
આ પ્રાણુ દુરમતસીંગના મર્ણુ સુધી તાજા
જ્યાં સુધી આ પીંડમાં વસે છે પંચ પ્રાણુ
નિશ્ચે નિમકહલાલ થઇને વાળું શત્રુનો ઘાણુ. (શાનિ)
જે હસ્તે પોસ્યો છે મુજને તેને હું ખાવા ધાઉં
તો ધિક્ક છે અવતાર મુજ ધરણીમાં સમાઉં. (શાને)

(બેશુદ્ધ થઇને પડે છે. જરા વારે ઉઠયા પછી)

મહારાજાધિરાજ પૃથ્વીને તેજ આપનારો સૂર્ય વખતે પશ્ચિમે ઉગે, મહાસાગર નિજસ્થાન છોડી ચાલ્યો પણ જાય. કોઈ કાળે આકાશ પાતાળ એક પણુ થઇ જાય, પરંતુ જ્યાં સુધી આ પૃથ્વીની હવા મારા શરીરમાં ફર્યા કરેછે અને જ્યાં સુધી આ રાજ્યનું નીમક મારા શરીરમાં છે ત્યાં સુધી હે કૃપાસાગર આપ ખાત્રીથી સમજજો કે હું કોઇપણુ દિવસ આ રાજ્યની સાથે નીમકહરામીથી વર્તવાનો નથી.

દીલીપસીંગ—શાબાશ છે પ્રધાનજી, તમારા જેવા નિમકહલાલ માણસો મારા રાજ્યમાં છે એવું મને આજેજ જણાયું પણ ચાલો હવે સેનાપતિને કહી સર્વ તૈયારી સાથે રવાના થવું એજ સારૂં.

વિજયસીંગ— ૨૪

સકળ સૈન્ય થયું આજે ઉમંગે તૈયાર
સરકાર તરફની છે ફક્ત અમોને વાર

જોધપુરે સ્વયંવરમાં જઈ લાવીશું તવ પ્રાણુ
રાજીખુશીથી નહિ આપે તો વાળું અરિનો ઘાણ. (સકળ.)
મહારાજા હવે કરવી નહીં જોઇએ વાર લગાર
અત્યાતુર છું સૈન્યે ચઢવા આજ્ઞા આપો સરકાર. (સકળ.)

દીલીપસીંગ--વિજયસીંગજી, તમારા કહેવા પ્રમાણે સર્વ તૈયારીથી ચાલો. પ્રધાનજી, તમે પણ તૈયાર થઇને આવો તે દરમ્યાન હું પણ રાણીવસામાં જઇને તરત આવું છું.

(કચેરી બરખાસ્ત.)

પ્રવેશ ૭ મો.

કંચનપૂર.

અભયસીંગ—પ્રિયબંધુ, જોધપૂરના રાણા પ્રતાપસીંગજીની કુંવરી દેવળદેવીનો સ્વયંવર રચવાનો છે, તેને માટે આમંત્રણો આવી ગયાં છે. તો ત્યાં આપણે જવું છે કે કેમ? તમારી ઇચ્છા કેવી છે? હું તમને એટલુંજ કહું છું કે:--

૨૫

સુણો પ્યારા બંધુ આજે સુણો તમે મારા (૨)
ચાલો જોધપૂરે વરસે હર્ષની ધારા
પ્રભુ સહાય થશે ફિકર છોડો તમે મારા (ચાલો)
હે કૃપાળુ અમને સહાય કરો તમે આજે (૨)
આ ભાવી દંપત રાજ્યમાં સુખી રાજે

૨૬

મોતીસીંગ:—

જેઠ બંધુ હો, તવ કહ્યું પ્રમાણુરે
જઇશું આજ, લેવાને તાજ, સફળ કાજ, કરતું રાજ
પ્યારી કાજને છે પ્રાણુરે (જેઠ બંધુ)
પિતરાજા સહ જોધપૂર માર્ગરે
વિશ્વાધાર, માથે છે ભાર, તેને સમાર, અત્યન સાર

ક્ષાતું હું પ્રાણાધારરે (જેષ્ઠબંધુ)

પણ પ્રીયબંધુ આપણે ચાલો પહેલાં આ પાસેના મહાદેવજીના દેવળમાં જઈ તેની પ્રાર્થના કરી તેને સંતુષ્ટ કરીએ.

(બન્ને જણ જાય છે)

મોતીસીંગ મહાદેવજીના દેવળમાં:— ૨૭

શંકર સુખકર દુખ હરતું (૨)
કરૂં વિનંતી ઉરધારતું (શંકર)
જાઉં લગ્ન કાજે આજ રાજ આજ હું
કામ સફળ સૌ કર રાજ તું (શંકર)

અભયસીંગ:— ૨૮

વિઘ્ન શંકરા મમ ભ્રાતૃના, નિર્ફળ રસ્તે જાઓરે.
સદા સર્વદા યશ તેને આપો, પાય ધરી ગુણ ગાઓરે (વિઘ્ન)
તવ આજ્ઞા થકી અમ પર જઇએ. રક્ષા કર તું વાટેરે.
સર્વ કાર્યમાં મદદ અર્પજે, આ દિન બાળક માટેરે (વિઘ્ન)
સુયશ બક્ષીને કરૂણાસાગર અમ સ્વદેશ લાવોરે.
દંપત આ નીરખિને સૂખી પામીએ ચીર કાળ લ્હાવોરે.(વિઘ્ન)

વહાલા મોતીસીંગ હવે વધારે વિલંબ કરવો યોગ્ય નથી માટે ચાલો હવે જઇએ.

પ્રવેશ ૮ મો.

જોધપુરનો દરબાર.

પ્રતાપસીંગ:— ૨૯

વિગતવાર કહો પ્રધાન, સ્વયંવરમાં આજ
કયણ દેશ રાજ નથી, શુભ પ્રસંગ કાજ (૨)
તો એમને વિનંતી કરી, તેડાવો તાતકાળ
આ પ્રસંગ ઈક્ષવાને, વહી જાય કાળ. (૨)

કેભાસ:— ૩૦

તમે જાઓ (૨) કહુંછું વારંવાર, હવે વાર ન કરો લગાર
જાઉં છે (૨) સ્વયંવર મારે. કહું છું હું વારંવારે
શું પ્રભુ (૨) મનમાં ધારે, તમે વાર ન કરો લગારે
બીરાજ્યા સર્વે રાજ, મોતીસીંગ આવ્યા આજ
પધાર્યાં રાજા શાણા, સુખ વિષે રહી નહી માણા. (જાઉ)

પ્રતાપસીંગ—(સ્વયંવરમાં) હે સભાજનો તથા સ્નેહીઓ આપને બધાને અહિં આવેલા જોઇ મને ઘણોજ આનંદ થાય છે, અને મારી એવી ઇચ્છા છે કે તમે દેવળદેવીના સ્વયંવરમાં સારો તથા ઘટતો ભાગ લઈ મને મદદ કરી આભારી કરશોજી. (તું હવે બેન)

૩૧

પ્રીય પુત્રીરે ફેરવો ચોતરફ દ્રષ્ટિ લ્યો વર હોયે તવ ઇષ્ટી
હું જાણું છું તમે ફક્ત એક રીઝવશો, તમે વાર લગાર ન કરશો
ફક્ત એટલુંજ કહેવાનું કે ભવિષ્યે સુખ મળવાનું
જ્યાં ભાવે ત્યાં ફેંકો માળની મુષ્ટી (લ્યો)

દેવળદેવી:— ૩૨

પૂજ્ય પિતાશ્રીરે આજ્ઞા આપ થકી જાવું, મનમાં અતિ હર્ષિત થાઉ
કહ્યા મુજબરે અન્ય દીલ દુખાતું ફક્ત એકજ માટે ધાઉં
તે મને અગાઉથી વસ્યા છે કંપનપૂરે રહ્યા એ સાચે.
અન્ય બાનૂ પિતા સમાન છે માટે એમને રે માળ અર્પવા
જાવું (મનમાં)

(દેવળ દેવી જઇને.મોતીસીંગને હાર પહેરાવે છે તે દરમ્યાન બીજા રાજાઓ ડોકું આગળ ધરે છે અને પછી નારાજ થઇ પાછું લે છે.

એટલે

વિદુષક--લ્યો લ્યો મારા વહાલાઓને ફુલની હાર જોઇએ છે? દેવળદેવીનો કેટલાકને માળ પહેરાવે ? બધાં ઉંટની પેઠે માથું

આગળ ધરવા લાગ્યા. જાઓ જાઓ બાપુ જાઓ, આવ્યા એ વાજ વીલું મોઢું લઈને પાછા, શોભા બતાવવા આવ્યા હતા ? જાઓ જાઓ.

૩૩

પ્રતાપસીંગ--

સૂખે રાજ કરો લ્યો આજ (૨)

મોતીસીંગ—પ્રભુ સફળ થયું મુજ કાજ.

ગુણસુંદરી-મહા આનંદ થયો છે તુજને (૨)

દેવળદેવી—મન ગમતા પ્યારા મળ્યા છે મુજને (૨) (સૂખે

કૈમાસ (ગભરાતો) દીલીપ કોપ્યો બહુ મહારાજ (૨)

પ્રતાપસીંગ— મારૂં તેને નિશ્ચે આજ

દેવળદેવી--દુષ્ટ પાપી ચંડાળ થઈ હું (૨)

પ્રતાપસીંગ--મનમાં પુત્રી જરા ન ડરતું (૨) (સૂખે.)

(બધાં ચાલ્યાં જાય છે)

(દેવળદેવી તથા મોતીસીંગ બે ઉભા રહે છે)

દેવળદેવી તથા મોતીસીંગ સાથે

(૩૪)

મહા પ્રભુના પ્રતાપે થયું આપણુંજ કાજ

થયું થયું થયું થયું મળ્યું મોટું રાજ (મહા)

મોતીસીંગ--આ છબીલી પ્રાણથી પ્યારી રસીલી આધાર.

મૂજ ગમતી મળી છે માનું પ્રભુનો આભાર (મહા)

દેવળદેવી-અતિ રસીક નાજુક દેખું મમ પ્રાણનાથ

ચાલો ક્રીડા સુખે કરીએ મેળવીને હાથ (મહા)

(૩૫)

મોતીસીંગ—પ્રીય તારૂં આ મુખ, મારી ભાગે છે ભૂખ,

જાણે સ્વર્ગનું સુખ, નયન બાણના માર

ગુલઝારી નાર, મારા હૈયાના હાર, સુખ સાગરમાં તાર,

મને જલદીથી આજ.

તારા ઝળઝળીઆં ચીર, લોપાવે છે મમ ધીર, તેં તો મા-
યાં છે તીર, મારા હૈયાની માંય.

મમ પ્યારી સુજાણ, છું પાપથી અજાણ, કામ કરે અંગે
તાણ, હવે જલદીથી ચાલ.

મારૂં સઘળું મહા ધન, પ્યારી તારૂં જતન, આ જો આ-
પું આલીંગન, પ્રીયા તુજને ખાસ.

બન્યો કેદી હું આજ, કામ છોડેછે લાજ, હવે પ્રીતીનો
તાજ, મુને જલદીથી આપ.

મુજ દયા મંનધાર, બન્યો અંધ છું હું પ્યાર, હવે નથી
કહું સાર, ઉભા રહેવામાં હાય.

દેવળદેવી—કરી વ્યાકુળ આ તીર, દાસી ધરે નહિ ધીર,
નયને વહે છે નીર, જુઓ આનંદ થાય.

આપ આગ્ના રણધીર, ચઢાવું છું સત્યે શીર, મારા હૈ-
યાના કીર, ચાલો જલદી મહારાજ.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

સમરસીંગ તથા ચંદ્રાવતી મહેલમાં.

ચંદ્રાવતી—પ્રાણનાથ, આજ આટલા બધા ચિંતાતુર કેમ દેખાઓ છો ? આપ ઉપર શું એટલું સંકટ આવી પડયું છે કે આપ મારી સાથે વાત પણ કરતા નથી. આપ મને શોકનું કારણ બતાવો જેથી હું મારાથી બનતા પ્રયત્ન કરી આપનું મન રીઝવવાને હરેક પ્રકારે મારો જીવ જોખમમાં ઉતારીશ.

સમરસીંગ—પ્રાણપ્રીયા, હું ક્ષત્રીપુત્ર છું. તમારા સંકટો-માંથી તમને બચાવવાં મારે પ્રયત્ન કરવો એ ખરો ક્ષત્રી ધર્મ છે. તમે મારા સંકટોનું કેવી રીતે નિવારણ કરી શકશો? તોપણ જે અર્થે મારી તમે અર્ધાંગના છો તે અર્થે મારે મારા દુ:ખનું કારણ કહેવું જોઇએ. પછી તે દૂર થાય અગર ના થાય. સાંભળો. કાલે રાત્રે મને એવું એક દુષ્ટ સ્વપ્નુ પડયું હતું કે કોઇ આવી તમારા ગળામાંથી મંગળહાર કાપીને ચાલતો થયો. આ સ્વપ્નાનો મર્મ શો છે તે જાણવાનો હેતુ છે, ને પછી મારે આજે શિકારે જવાનું છે, માટે જોશીને બોલાવી તેનો ભેદ પૂછીએ.

સીપાઇ?

સીપાઇ—જી મહારાજ. (આવેછે)

સમરસીંગ—જલદી જઇ મકનરામ જોશીને બોલાવી લાવ.

સીપાઇ—બહોત અચ્છા સરકાર. (જાયછે)

(થોડીવાર પછી પાછો આવી સરકાર, જોશી મહારાજ અંદર આનેકી પરવાનગી મંગતે હૈ.

સમરસીંગ—એમને અંદર બોલાવ. (અંદર આવે છે)

જોશી—સરકાર આજ આ ગરીબ તવંગર દાસનું શું કામ પડયું છે. કાંઇ મૂરત બીરત છે કે ચાર પૈસા પેદા થાય.

સમરસીંગ—જોશી મહારાજ.

(૩૫)

કોઇ દુષ્ટ ગઇ રાત્રે, કાપી ચાલ્યો ગયો છે મંગળહાર
માટે તમને તેડયા જાણું શું મર્મ કહે છે એજ પ્રહાર.

(જોશી મહારાજ હાથના વેઢા ગણી બડબડતો)

રાશિ સિંહ ચ કન્યા તુલા વૃશ્ચીક ધન ઉપર કહું છું,
કે અપયશ હર કાજે ને વળી મળું સસતાથી વદુ છું.

સમરસીંગ—વાહ જોશી મહારાજ સ્વપ્નનો ભેદ જો કે

સારો નથી તોપણ તમારી સત્યવક્તૃત્વને માટે હું આ મારી હીરકણીની વીંટી બક્ષિસ આપું છું તે લઇને જાઓ.

જોશી—બહુ સારૂં સરકાર. (જતો જતો)

ગમે તો રાજા મરો કે રાણી મરો. આપણા બાપનું શું જાય છે. રાજા મરશે તો બીજો કોઇ આવશે તો તેની ખુશામત કરીશું. આપણને ભટ્ટ બઇને કંઈ ગૃહસ્થ જોવું છે ? આપણને હાથ પ્રસરવાને શું ? વારૂ રાણી મરશે તો બીજી નવી રાણી આવશે. તેને ભોળવવી એ તો મારૂં કામ. એમાં તો હું પક્કો ખણખણતો થયો છું, માટે આપણે ભટ્ટ બઇને ફીકર કશીએ નહિ. ફીકર તો ફીકરને સોંપી. છોને રાજા અને રાણી બન્ને મરે. (જાયછે)

સમરસીંગ—વારૂ પ્રાણપ્રીયા હવે હું જાઉં છું, આજે શિકારે જવાનું છે.

(૩૭)

ચંદ્રાવતી—

પ્રાણ નહિ કરો વાત કહીં જવાનીરે
સ્વપ્નનો સાર, જાણે છે ભાર, માથે અનીવાર નક્કો ખુવાર
શાને ઓઢો પ્રાણ હાનીરે. (પ્રાણ.)

સમરસીંગ—

પ્રાણાધાર તમે દૂર કરો ઉચાટીરે
ક્ષત્રીનું લોહી, છે તનમાંય, મન અકળાય, જવાની લાય,
આવું છું શત્રૂ છાંટીરે (પ્રાણાધાર.) (જાયછે.)

ચંદ્રાવતી—હાય હાય મને રડતી મૂકી પ્રાણનાથ તો ગયા. હે પરમેશ્વર તું એમનું વાટમાં સંરક્ષણ કરજે. તેમના કાર્યમાં સહાય થજે. તેમને અનિવાર્ય બળ આપજે, અને તેમના એક પણ વાળને ધક્કો લાગવા દઈશ નહિ.

ચાલો હવે મારે પાર્વતીની આરાધના કરી તેને સંતુષ્ટ કરવી

જોઇએ કે મારા પતિને જ્યાં જાય ત્યાં ચિરકાળ સુખી રાખે.

ચંદ્રાવતી-(પાર્વતીની આરાધના કરે છે)

(૩૮)

હસ્ત જોડી અરપુ પ્રાર્થના હો ગજ માતને
મનુજ કરે આરાધના જે ઇશ માતને (હસ્ત)
મમ સ્વામી જાય પારવશે આજે સાચરે.
બહુ રક્ષજે તું એ મને જો વંદુ હું વાચરે.
સંકટો વિના સબળે લાવ મમ નાથને (હસ્ત)
અનિવાર્ય સંકટોની સાથ બાથ ભીડશે.
અચળ અડગ મદદ માગી બાણુ છોડશે.
પ્રબળ મહત્તેજ સુગમ આપી લાવનાથને. (હસ્ત)

પ્રવેશ બીજો.

કંચનપુરનો દરબાર.

સમરસીંગ—

પ્રધાનજી પરમેશ્વર કૃપાથી તથા તમારી પૂર્ણ સહાયતાથી મારા વહાલા મોતીસીંગનુ લગ્ન કાર્ય પતી ગયું. મારી જીંદગીની હયાતીમાં આ કામ સફળ થયું તેથી મારી જાતને ધન્ય ગણું છું, અને પરમેશ્વરનો ખરા અંતઃકરણથી પાડ માનું છું, અને તેની ખરી ભક્તિ તથા પ્રેમ ભાવથી પ્રાર્થના કરૂં છું કે આ નવીન જોડાને ચીર કાળ સુખ આપી અમ્મર કરે.

અજીતસીંગ--મહારાજ સૌ થયું છે ને ઉત્તમ થયું છે. આપની જ્યારે અમદીનો ઉપર કૃપા હોય અને તેમાં પરમેશ્વરની પૂર્ણ સહાયતા હોય તો પછી કોઇપણ બાબતમાં યશ આવેજ એમાં કાંઇ નવાઇ નથી.

સમરસીંગ—પરંતુ પ્રધાનજી.

અજીતસીંગ—જી મહારાજ.

સમરસીંગ--હવે મોતીસીંગના લગ્નનો સમારંભ પૂરો થયો ખરો, પરંતુ મારા મનમાં એક નવોજ પ્રકાર ઉત્પન્ન થાય છે.

અજીતસીંગ--તે શું છે તે આપ મને જણાવવાની કૃપા કરશો.

૩૯

સમરસીંગ--

મમ શિકારીએ મન વહાલારે (૨)
શિકાર કરીને તત્પર આવું (૨)
પહેરૂં હું યશવંત માળારે (મમ)
અભયસીંગને રાજ સોંપું છું (૨)
સંભાળ સારૂ લે માળારે (મમ)

અજીતસીંગ--લડવું એ તો આપણો ખરો ક્ષત્રી ધર્મ છે. જો અરિ આપણા ઉપર ચઢી આવશે તો કાંઇ ચિંતા નહિ. પરંતુ આપણે આપણી તરવાર અરી ઉપર અજમાવીને લોહી થી તૃપ્ત કરીશું. (હવે સેનાપતિ, સમરસીંગ, અને એક સીપાઇએ ત્રણે જણા શિકાર કરવા નીકળી ગયા.

સમરસીંગ (જરાવાર ફરીને) પ્રધાનજી. આપણો ઘડી ધન્ય ભાગ કે આપણે ત્રણ જણ આવા ઘાડા અરણ્યમાં આવી પહોંચ્યા છીએ.

સમશેરસીંગ--મહારાજા ધીરાજ. અહિંઆં આપણો ધારેલો શિકાર માલુમ પડતો નથી માટે હવે આપણે થોડે દૂર જઈ એક મોટા વૃક્ષ નીચે થોડીવાર વિશ્રાંતી લઇએ,

સમરસીંગ--ઠીક છે પ્રધાનજી (ત્રણે જણ જાય છે)

સમરસીંગ--પ્રધાનજી. મને ઘણી તૃષા લાગી છે અને મારો કંઠ સુકાઈ જાય છે, જીવ ઘણો ગભરાય છે, માટે તમે પાણી લેવા જાઓ.

સમશેરસીંગ--મહારાજની આજ્ઞા પ્રમાણુ સરકાર બીલકુલ ફીકર રહિત રહો. હું તો એક આપનો દાસ છું; અને આપની આજ્ઞાઓ જેમ બને તેમ જલદીથી પાળવી એ હું મારો ખરો માનવ ધર્મ ગણું છું. (સમશેરસીંગ જળ લેવા જાય છે) તેણી પૂઠ ફરી નહિ એટલામાં અરણ્યમાં બારે ગડ બડાટ થઈ રહ્યો.

સમરસીંગ-- (૪૦)

મળ્યો શિકાર જલદીથી આજે, કૃપા કરી દીનાનાથ.
મારાઓ-શિકાર કરીને જશો કયાંથી, બતાવીશું અમો હાથ.

સમરસીંગ—અરે ! આવા ઘાડા અરણ્યમાં જ્યાં કોઈ પણ માણુસનો પેસારો નથી ત્યાં આ મનુષ્યનો અવાજ કયાંથી ! કાંઇ પ્રભુએ મારા ઉપર વિપત્તિ તો નથી લાવી નાંખી (એટલામાં

(૪૧)

મારો પહેલો-લેરે પાપી લેતો જા.
સમરસીંગ-મુખેરામ કહેતો જા.
બીજો મારો-દુષ્ટ પાપી દેને દાદ.
સમરસીંગ-ચાખ કટારીયો સ્વાદ.
પહેલો મારો-દુષ્ટ આપ તારૂં રાજ.
સમરસીંગ-સૂતો સિંહ જગાડયો આજ.
બીજો મારો-નહિ કાઢે તેમાં સાર.
સમરસીંગ-નક્કી તને મારૂં ઠાર.

(તે દરમ્યાન બે મારાઓ રંગ ભૂમીની આગળ આવીને બોલે છે.)

મારા વહાલા સમરસીંગડાને શિકાર કરવાનું બહુ ગમે છે. એ તો આપણી કટારીનો સ્વાદ ચાખશે ત્યારેજ એનો શિકાર પૂર્ણ થશે. ચાલો એને જલદીથી શિકાર આપીએ. (એટલા-

માં બધા મારાઓ મહારાજા સમરસીંગ ઉપર ધશી આવે છે અને મારી નાંખે છે) (સમશેરસીંગ હવે જળ લઇને આવે છે અને પોતાની દૃષ્ટી મહારાજા તરફ ફેરવે છે, તેમની આસપાસ મારાઓ વીંટળાયલા જોઇને અને મહારાજાનું સબને બારીકાઇથી તપાસીને જોઇને)

સમશેરસીંગ—મહારાજ, આપ કેમ મારી સાથે બોલતા નથી. આપે જળ માગ્યું તે આપની પાસે લાવીને હાજર કર્યું છે, તેમાંથી થોડું પ્રાશન કરી આ સેવકના અંતઃકરણને શાંતી આપો.

(સમરસીંગ કાંઇ બોલતો નથી)

સમશેરશીંગ-અરે હાય હાય આ મારી શી ગતિ જેનું મેં નિમક ખાધું તેનું હરામ કર્યું. અરેરે અફસોસ! (મારાઓ તરફ જોઇ તિરસ્કારથી બોલે છે) અરે દુષ્ટો તમે કોણ છો અને તમને કોણે મોકલ્યા છે.

મારાઓ—તારી જરા જીભ સંભાળ. જેવી રાજાની સ્થિતિ થઇ છે તેવી તારી સ્થિતિ કરી લેવામાં સાર નથી. જો તારૂં કલ્યાણ ઇચ્છતો હોય તો તું વધારે બોલ નહિ અને અહિંથી ચાલતો થા.

સમશેરસીં—શું તમે મને ઓળખતા નથી? હું તો ક્ષત્રી બચ્ચો છું. એક મરણીઓ દશ જણને ભારે છે એતો તમે જાણતાજ હશો. તમે મારા પૂજ્ય મહારાજાને આજે વગર વાંકે મારીને મારા હૈયામાં વિનાપરાધે કટારી મારી છે તો યાદ રાખજો કે આજ તમારે જીવતા ઘેર જવાનો વિચાર માંડી વાળો. હજુપણ હું તમને કહું છું કે અહિંથી તમારૂં કાળું મોઢું લઇને ચાલતા થાઓ. સૂતા સિંહને જગાડવામાં કાંઇ સાર નથી.

મારાઓ—અરે દુષ્ટ તું સમરસીંગનો પ્રધાન છે તે અમે

જાણીએ છીએ. તારો મરણકાળ પાસે આવ્યો છે તેથીજ તારી રસનામાં નવીન કોમળ અંકુર ફુટયા છે પણ ખાત્રીથી સમજજે કે અમે ચાર જણાઓ તે અંકુરોનું જડમૂળ કાઢવા સમર્થ છીએ. હવે ઈશ્વર પાસે છેવટની પ્રાર્થના કર, અને અમારા આતુર થયેલા હથિઆરોને તારા જીવનો બળી દે. (એમ બોલી સમશેરસીંગને મારી નાંખે છે) (મારાઓ નાશી જાય છે.)

સીપાઇ--અરેરે આ અહીં બે માણસોના શબની શી યોજના કરવી તેની મને ગમ પડતી નથી. અફસોસ. હું હવે આ મારૂં કાળું મોંડું લઇને કુંવર સાહેબ તથા બાઇ સાહેબ પાસે કેવી રીતે જાઉં ? પણ રહો. મારે હવે ધીરજ ધરવી જોઇએ. સંકટ સમયે ધીરજ રાખવી એ ગુણ માણસના ખરા આત્માને છાજે છે, માટે આ દુ:ખમય વાતોનો કાંઇપણ વિચાર મનમાં ન લાવતાં એકદમ ઘેર જઈ રાજવંશીઓને આ વૃતાંત નીવેદન કરવું એજ મારે ભાગ આવી પડયું છે.

[હવે સીપાઇ કંચનપૂર જવા નીકળી ગયો]

પ્રવેશ ત્રીજો.

ચંદ્રાવતી—હજુ સુધી પ્રાણનાથ શીકારીએથી કેમ નથી આવ્યા વારૂં ? આટલો વિલંબ કેમ થયો તેની મને સુઝ પડતી નથી. વાટમાં તેમના ઉપર કાંઇ મહત્ સંકટ તો આવી નહિ પડયું હોય ? હે જગદંબા માતા, તેમનું વાટમાં સારી રીતે રક્ષણ કરી સુખેથી ઘેર પાછા લાવ એટલે હું તારા નામથી ભારે રકમ ધર્માદામાં આપીશ. અરે પણ હા ! આ સીપાઇ સાથે ગયો હતો તેજ પાછો આવે છે. પણ સાથે પ્રાણપતિ અગર પ્રધાનજી એમાંનું કોઇપણ નથી કેમ વારૂ ? તેનું કાંઈ કારણ સમજાતું નથી. વખતે બારોબાર દરબારમાં

તો નહિ ગયા હોય; અને આ સીપાઇને પોતાની ખુશી ખબર તો નહિ કહેવા મોકલ્યો હોય ? સૌ ખુશીમાં હોય એટલે થયું. અરે ! પરમેશ્વર ! સંકટ સમયે અમને ધીરજ આપનાર તુંજ છે. વારૂં ! જોઇએ તે સીપાઇએ શા સમાચાર આણ્યા છે. (જઇને ખુરશી ઉપર બેસે છે એટલામાં તેની દાસી કૌમુદી બહારથી આવી બોલે છે.]

કૌમુદી—બાઇસાહેબ બહાર કોઈ સીપાઈ આવ્યો છે તે આપને મળવાની રજા માગેછે. આજ્ઞા હોય તો અંદર બોલાવું.

ચંદ્રાવતી—દાસી તેમને અંદર આવવા દે. (તે દરમ્યાન રાણી પાસેની દાસી બોલે છે.)

તારામણી—બાઇ સાહેબ રોજના કરતાં કૌમુદીનું મુખ મને તો જરા મ્લાન લાગે છે પછી ગમે તે હોય. અત્યારે આવી ત્યારે બોલવામાં પણ કાંઈ ઠેકાણું નહોતું. તેને શું દુઃખ પડયું હશે કોણ જાણે ?

ચંદ્રાવતી—દાસી જા મ્હારા વહાલા બન્ને પુત્રોને જલદીથી તેડી લાવ.

દાસી—બાઇસાહેબ હું જાઉંછું. [દાસી જઇને બન્ને બાઇને તેડી લાવે છે.]

સીપાઈ ગાતો ગાતો અંદર આવેછે.

(૪૨)

શોકજનક આ વાર્તા કહુંછું, સુણો તમે મહારાજ
સુણો તમે મહારાજ, ધરણી પડયા આપણા રાજ [શોક.]
આપણા શત્રૂ દીલીપસીંગે, કેર વરતાવ્યો રાજન સંગે
મારી નંખાવ્યા આપણા રાજા, શું કરવું હે રાજ. [શોક.]

ચંદ્રાવતી—અરે હાય મને હે પ્રાણપ્રીય, અહિં છોડી કેમ ચાલ્યા ગયા અરે,

પ્રભુ કોપ કર્યો શો હાય,
શું દુઃખ થયું છે આ દાસીને, લાગે છે તન લાય,
છોડી જાય, ના સ્હેવાય, વિયોગાય, પ્રાણુ હાય. [પ્રભુ.]
અગ્નિ રાજા જાગૃત થાઓ, સૂર્ય તપોરે આજ
જે મમ પ્રાણુ કીધા દૂર, વેર લો તેનું રાજ
વીર હાય, કરો લાય, શું તે જાય, પ્રાણુ હાય. [પ્રભુ]

અભયસીંગ—અરે સીપાઈ આ દુઃખ વાર્તા તું ક્યાંથી લાવ્યો ? અમારા પિતાને ક્યાં મારી નાંખ્યા ? તેમની વનમાં શી ગતિ થઇ હશે વારૂ ? પ્રધાનજી સાથે હતા કે નહિ ?

સીપાઇ—કૃપાકર, આપના પિતાજીનું તેમજ પ્રધાનજીનું સબ વનમાં પડ્યું છે. તે અહિં લાવવું એવું ઇચ્છું છું તો આપ મહેરબાની કરી મારી સાથે થોડા માણુસ મોકલશો.

અભયસીંગ—વારૂ, હું પણ તારી સાથે આવું છું.

(હવે બધાં માણુસો વિખરાઇ જાય છે.)

અરણ્યમાં

અભયસીંગ, (પોતાના પિતાના સબ આગળ ઉભો રહીને)

(૪૪)

હાય હાય દિલિપે વરતાવ્યો કેર, આકાશ તૂટી પડ્યું હાયરે.
મારા આંખમાં ચઢી ગયું છે ઝેર. „ „
લેઉં પિતાજી તમારૂં નક્કી વેર „ „
પ્રભુ કરજે તું મુજ પરમેર „ „
ઉઠો ઉઠો સૌ જણુવીર „ „
ઉઠો નાયકો સમારો નીજ તીર „ „
કાકાજી લ્યો તમો હથિયાર „ „
બખ્તર બાંધી બનો સૌ તૈયાર „ „

(હવે સબને લઇને ચાલતા થાય છે.)

પ્રવેશ ચોથો.

ચંદ્રાવતી—દાસી હજુ અભયસીંગ તથા મોતીસીંગ કેમ નહિ આવ્યા વારૂ ? શું મારૂં નશીબ મને દુઃખાર્ણવમાં ડુબી ગયેલી જોવાને ઘણું આતુર થઇ રહ્યું છે ? ઓ પરમેશ્વર આ ગરીબ દાસી ઉપર ચોતરફથી અપાર સંકટો લાવી મને કાવરી બાવરી બનાવ નહિ ! અરે શું તને બધા લોકો પરમકૃપાળુ દીનદયાળ અને ભક્તવત્સલ કહે છે તેનો તેં આ મને પ્રત્યક્ષ દાખલો બતાવ્યો શું ? હજુ પણ મને સંસાર વિપત્તિમાંથી મુક્ત કરવા નથી માગતો ? શું પતિવ્રતા સ્ત્રીનો ધર્મ તું નથી જાણતો ? શું તારા મનમાં ભૂત દયાનો જરા પણ પ્રભાવ નથી ઠસતો ? શું તારી અચેત દૃષ્ટિ મારા ઉપરથી લઈ મને દુઃખસાગરમાં ડુબાડવાને તું ઘણો રાજી છે ? શું તું આવો ચાણાક્ષ થઇને તારી ચતુરાઈ તથા ડહાપણ વાપરીને મને મારા દુઃખ નિવારણાર્થે કંઈ પણ અગમ્ય કલ્પના મારા મસ્તકમાં નહિ નાંખવી એવો તારા મનની સાથે કટ્ટો નિગ્રહ કર્યો છે ? અરેરે હાય હાય હવે આ દુનિઆમાં વધારેવાર રહી શું કરવાનું છે ? મારે પતિવ્રતાનો ધર્મ જાણવો જોઇએ. જ્યાં મારો પતિ ત્યાં હું. અરે પરમેશ્વર મારા પતિની આયુષ્યની દોરી ખેંચવાને વાર ન લાગી અને મારા આયુષ્યની દોરી ખેંચવાને તને વાર લાગે છે એ કેટલી નિર્દયતા તથા ઘાતકીપણું કહેવાય ? હવે તો હું મારા પતિની સાથે સ્વર્ગવાસી થઇશ, અને તેમાંજ મારી જાતને ધન્ય ગણીશ. એમની સાથે બળી મરવા હું ઘણીજ રાજી છું, અને હે પરમેશ્વર એ કામમાં મારા ઉપર દયા કરીને મદદ આપજે. અરે પણ દાસી હજુ સુધી તેઓ કેમ નહિ આવ્યા વારૂ ? જા અને કંકુની, કપૂરની માળા તથા બળતાં વસ્ત્ર લઇને જલદીથી પાછી આવ. [દાસી જાય છે]

(અભયસીંગ અને મોતીસીંગ બન્ને સબ લઇને આવે છે)
(રંગભૂમી ઉપર બધા આવે છે.)

ચંદ્રાવતી—વહાલા પુત્રો હવે આ માતાનો તમારાથી વિખુટાં થવાનો પ્રસંગ તદ્દન નજીક આવ્યો છે.

(૪૫)

હે મમ પુત્રો તાત તમારા, જાએ સ્વર્ગ છોડીને પ્યારા
ઉઠાવી આજ્ઞા આ માતાની, તેમજ પિતૃ પ્રત્યેજ માની
[હે મમ.]
આજે સાચે સતી થઇ હું જાઉં, શુભ તમ માગું સ્વર્ગે
[હે મમ.]
માટે ઉપભોગો તમ રાજ, ગૃહણ કરો તમે ગુણ સૌ સારા
[હે મમ.]
સોચ લગારે મન નવ કરીએ, જાઓ સૂખે હર્ષિત ધારા
[હે મમ.]
વહાલા પુત્રો અમર થાઓ, રાજ કરો સંપે સૌ ગુણ સારા
[હે મમ.]

(તે દરમ્યાન સેનાપતિનું સબ લઇ જાય છે.)

(૪૬)

મોતીસીંગ તથા અભયસીંગ (પોતાની માતોશ્રીની આગળ હાથ જોડીને)

જનની આજ શીર નમાવી માગીએ ક્ષમા
અમ તાત જાય સ્વર્ગ દેશ હાય હે હરી
મૂક્તિ દે તું દીનદયાળ સંહારી અરી
માતા, તાતા, સ્વર્ગે જાતાં, હાય નહિ સેવાય(૨) જનની૦
પ્રાણ કહેજ નથી સાર જગતવાસમાં
પ્રાણ અરી હું ખચીત બાળું અગ્નિ ધાસમાં

હરે, ખરે, મારૂં અરે, જીવ સદગદાય (૨) જનની૦

[હવે મોતીસીંગ તથા અભયસીંગ બન્ને જાય છે.)

ચંદ્રાવતી [ભગવાં વસ્ત્ર પહેરતી પહેરતી બોલે છે.]

[૪૭]

હે જગન્નીયતા, સૃષ્ટી આક્રમણુતા, સર્વ ગુણ સંપના દીનબંધો
કરૂં હું આરાધના, ચાલકા સૃષ્ટીના, ભાર સંસાર મજકાઢી સંધો
લાવીઓ અવસરે, કિર્તિ પૃથ્વી પરે, વાયુ વેગે ફરે સત્સતીની.
ધન્ય સ્ત્રી જાતને, જે નમે નાથને, તેજ લાગે ખરેવાટ સતિની.
આવી ઇશ્વર પ્રત્યે, પાયે તેના રતે, ધન્યવાદો ખરે ભૂગવાયે.
અચળ નિર્મળશકી, સ્વર્ગે સૂખો નકી, અમરકિર્તિ મૂકી સાંજવાયે
એજ આશા ધરી, મનમાંહી ખરી, દુઃખ સંસ્થાતરી આજજાઉં
ઇશ આરાધીને, વર "સતી" માગીને, વાસના પ્રેરીને કુળદીપાવું.
ભાળે ચર્ચી અને, કંકુમો નિજ મને, લેપ દીધો તને જાઉ રંગે.
ભોગવી વૈભવો, સ્ત્રીજનોનો થવો, જાય તરી–આ ભવો નાથસંગે

(પોતાના પતિનિ સાથે બળી મરે છે)

પ્રવેશ ૫ મો.

કનોજનો દરબાર.

દીલીપસીંગ. ૪૮.

સુણો દુર્મતસીંગ તમે આજેરે.
જાવું છે લડાઇને કાજે [સુણો.]
શૂરાને બોલાવો. જોશીને હલાવો.
મૂરત પૂછો આ કાજે. [સુણો.]

હે મારા, પ્રીય પ્રધાનજી તથા શૂરા સેનાપતિ, તમે જાણો છો કે કંચનપૂરના રાજા સમરસીંગ આપણો કટ્ટો દુષ્મન હતો. પરંતુ હવે પરમેશ્વર કૃપાથી નીચ સમરસીંગનો અંત આવ્યો છે. પરંતુ મોતીસીંગ ત્થા અભયસીંગ તેના રાજ્યમાં છે એવું

સંભળાય છે. જ્યારે સમરસીંગ જીવતો હતો ત્યારે આપણને તેને હરાવવાને ફાવ્યું નહિ, પણ હવે આ બન્ને બાપુઓને હરાવી તેઓની સ્ત્રીઓથી મારો મહેલ શણગારવાની ઈચ્છા છે.

ચોપદાર—મહારાજા. આપના બંધુ રમઢોળસીંગ આપની મુલાકાત લેવાને અંદર આવવાની પરવાનગી માગે છે.

દીલીપસીંગ—વારૂ તેમને અંદર આવવા દો.

[મુજરો વિગેરે થયા પછી દીલીપ બોલે છે]

દીલીપસીંગ—કેમ બંધુ રમઢોળસીંગ, પેલા કંચનપૂરના દુષ્ટ અભયસીંગ સાથે લઢવાની તારી મરજી છે કે ?

વિબુધસીંગ—હા મહારાજા. જો આપ ધારતા હોતો ચાલો હું આવવા તૈયાર છું. ખાતરીથી સમજજો કે આ રમઢોળ કદી પણ પૂઠ બતાવશે નહિ.

દીલીપસીંગ—શાબાશ છે. વીરાઓ એવીજ રીતે તમે તમારૂં નીમકહલાલ પણું પ્રદર્શીત કરી મારા હર્ષમાં વધારોકરો.

૪૯

શૂરા બાળક રાય સૈન્ય સૌ કર તું તૈયાર.
કંચનોને હાર, કરવાં આવાર, [શૂરા]
શૂરા સામંતો કરોને સૌ અરિઓ ખુવાર.
થાઓ તૈયાર, તમે લાવું પ્રાણાધાર [શૂરા]

બાળકરાય—મહારાજ, દુષ્ટ અભયસીંગને પત્ર લખી જણાવો કે જો મારી સાથે તારે લઢવું હોય તો તૈયાર થા, નહિ તો તું તથા તારા બંધુ નગર છોડી ચાલ્યા જાઓ.

વગર વાંકે પ્રાણ હાની કરી લેવામાં સાર નથી. જો તમારા જીવ તમને વહાલા હોય તો આ પત્ર દેખતાં ચોવીશ કલાકની અંદર એકદમ નગર છોડી ચાલ્યા જવું. અગર અમારી સાથે લઢાઈમાં ઉતરવું.

દુરમતસીંગ— ૫૦

જાઉં છું હું શીર ચઢાવી આજ્ઞા આપી સરકાર.
લઢતાં લઢતાં મરૂં હાથથી નહિ કરૂં દરકાર.
લઢતાં મારૂં, ચઢતાં મારૂં, મનમાં ધારૂં, ક્ષત્રી તારૂં,
દેશ સુધારૂં [જાઉં]
ક્ષત્રી પુત્ર છું હું બહુ સાચો કહું તમને આવાર.
સત્રૂ ધાણુ, વાળું સુજાણુ, નક્કી જાણુ, દેશ પ્રમાણુ,
આપું પ્રાણુ. (જાઉં છું)

અંક ત્રીજો.

પ્રવેશ પહેલો. (કંચનપુરનો દરબાર.)

અભયસીંગ— ૫૧.

મોતીસીંગ તમે વદો વદનથી પક્ષ તદન મૂકી.
કહો સવીસ્તાર મારી પ્રજા છે સુખી કે દુખી.
વેહેપાર કેવો ચાલે સાજરો નિતીથી આજે રાજ.
ન્યાય અને શિક્ષા નિવેદો સંકોચો નાહીં સાજ. (મોતી.)

મોતીસીંગ— ૫૨.

અહો કંચનપૂરના રાજ પૂછ્યું અમનેરે,
રાજ્યની હકીગત આજ કહું છું તમનેરે.
બહુ પ્રજા છે હીંમતવાન અને નથી દુઃખીરે.
વળી પંડીતને વિદ્વાન છે બહુ સુખીરે
છે પ્રજા તવંગર રાજ કહું છું તેથીરે.
હું ચલાવું ન્યાયથી રાજ આપના કેહેથીરે.

અભયસીંગ— ૫૩.

શાણા સરદારો સુણો મારા.
પાયે પડું પ્રભુ તારા.
વાહાલા મોતીસીંગ ગુણ સારા, હું બહુ ખુશી છું.

જાગો વીરા અરી આવશે.
સૈન્ય મોટું અહીં લાવશે.
પ્રભુ લાજ નકકી રાખશે. કહું છું હું આજે.

મોતીસીંગ--તૈયાર છીએ દાસ તમારા.
જીવ આપીશું અમો અમારા.
તીર કામઠાં સૌ સમાર્યા-ધીર રાખો તમો.
શાણા સામંતો સુણો આજ.
અરી મારી રાખો લાજ
જેષ્ઠ બંધુ વધારૂં રાજ શુર થાઓ આજે.

કવીરાજ (૫૪)

માહારાજાકી કીર્તીકા ધ્વજ લગાઓ આજ.
ચતુર સામંતો તમો શુરસે રાખો લાજ.
પાળો પ્રજાકું નીતિસે, ટાળો દુઃખકા નામ.
ચોર ચુગલ કું શીક્ષા હૈ સુખ કરો તમામ
નિરબળ અરીઉંકી કદી કરના નહી દરકાર
વયસેં બોલ બોલ કે રજા લઉં સરકાર.

અભયસીંગ—હે મારા શુરવીર સામંતો તમે મારા પૂજ્ય પીતાશ્રી સમરસીંગજી કારકીર્દીમાં જેવી રીતે દુશ્મનો નો પરાજય કરી રાજ્યની ટેક રાખી હતી તેવીજ રીતે મારા વખતમાં પણ તમારૂં શૌર્ય બતાવી રણે ચઢેલા અરીઓને પુઠ નહિં બતાવતાં એકદમ તેના ઉપર ધસારો કરી ઘણુંજ બાહાદુરાઈથી તેમને ત્રાહે ત્રાહે પોકરાવી આજ પછી કોઈપણ રણ સંગ્રામે તેઓ આપણી સાથે લઢવાને અસમર્થ થાય તેવા ટેકથી તમે તેમનો પરાભવ કરો. અમારા પીતાશ્રીની હયાતીમાં કનોજનો રાજા દીલીપ ચઢી આવ્યો હતો તે તમે જાણોછોજ—પરંતુ તે વખતે પરાભવ પામી વીલે મોઢે પાછો ફ-

ર્યો. પણ હવે મને ખાત્રી છે કે તેનું લોહી આપણી સમશેર-ની તૃષા મટાડવા ઉકળશે. હવે તે થોડા દિવસમાં પોતાનું વેર લેવાને માટે આપણા ઉપર ચઢાઇ કરશે. (કાકાજી તરફ જોઇને)

કાકાજી, હું આપને મારા પીતા સમાન ગણું છું અને તે માનને આપ યોગ્યજ છો. આપની વડીલની આજ્ઞા પ્રમાણે ચાલવું એ મારો ખરો માનવ ધર્મ છે. હું તો આપનો અજ્ઞાન બાળક છું અને આપની આજ્ઞા મારે અક્ષરશઃ પાળવાની છે. તો આ બાળકને જોઇતી મદદ બક્ષસો એવી આશાછે.

કાકાજીઃ—મારા વાહાલા અભયસીંગ, તમે તમારા નામ પ્રમાણેજ સૌ બાબતથી નીડર રહો. તમને કશી હરકત પડવાની નથી. તમને દરેક કામમાં યશ આવશેજ એ હું ખાત્રીથી કહું છું.

ચોપદાર—માહારાજ કનોજથી કોઈ માણસ આપને મળવાની રજા માગે છે. સરકારની આજ્ઞા હોય તો અંદર બોલાવું.

અભયસીંગઃ—આવવા દો.

જાસુદઃ—કનોજના છત્રપતી શ્રી દીલીપસીંગે આ પત્ર આપને આપ્યો છે. તેનો જવાબ જલદીથી આપવા મેહેરબાની કરશોજી.

અભયસીંગઃ—પત્ર તો લઢાઇને માટેજ લખેલો હશેઃ—

(૫૫)

પત્રજ આવ્યો, જુઓ શું વૃત્તાંત લાવીયો
દીલીપનો લખેલો પત્ર, આવ્યો કનોજથીજ અત્ર.
મળ્યો છે, શુભકે, દુઃખકે, માથે છે, હરીએ, વાળીએ, ધાસુએ, (પત્રજ)
મોતીસીંગ વાહાલા અત્ર, વાંચ લેજો આજ પત્ર.
શુરાઓ, મારાઓ, અરીઓ, લઢાઓ, વિદારો, સમારો, વિસ્તારો, (પત્રજ)

મોતીસીંગ:— (૫૬)

આજ્ઞા આપ થકી બંધુ વાંચુ આ કાગળ જાણું છું મર્મ સુજાણ.
દીલીપસીંગનો આવ્યો છે કાગળ, જાણે લાગે છે હોકાળ.
હાય બાહુ મમ સ્ફુરતા, ભમે કાળ તેપર માથા (આજ્ઞા.)

(મોતીસીંગ કાગળ વાંચે છે)

" કંચનપૂરના રાજા અભયસીંગ, પ્રધાન મોતીસીંગ, અજીત સીંગ અને બીજા સામંતો વિગેરે:—

હું કનોજનો માહારાજા ધીરાજ દીલીપસીંગ કે જેની બાહાદુરાઇ તથા રણશૌર્યથી તમે માહીતગાર છો તે હું તમને કેવળ દયાની તથા સ્નેહની ખાતર જણાવું છું કે તમે આ પત્ર દેખતાં ચોવીશ કલાકની અંદર બન્ને ભાઇઓ નગર છોડી ચાલ્યા જશો તોજ તમારા પ્રાણ ઉગરશે. જો તમારે તમારા માંસની રણક્ષેત્રના પશુ પક્ષીઓને મીજલસ આપવાની મરજી હોય તોજ રણે ચઢજો. એટલું પણ માન્ય ન હોય અને જો તમે તમારૂં ભલું ઇચ્છી તમારા રાજ્યમાંની મારા પસંદગીની દશ સુંદર સ્ત્રીઓ કંઇપણ આનાકાની વગર સોંપી દેશો તો તમે રાજ્યસુખોપભોગને પામેલા છો તેવીજ રીતે રહેશો. આ પત્રનો જબાબ ઘણોજ વીચાર કરી ડાહ્યા માણસોની સલાહ લઇ જલદીથી મોકલશો. વિલંબ થયે માઠું પરિણામ આવશેજ"

મોતીસીંગ—(તરવાર ખેંચી ગાંડા જેવો બની)

[૫૭]

ઉઠો ઉઠો સભાજનો વીર સામંતો સૌ સજ થાઓરે.
લાજ રાખો રાજ મારી નીજ તીર રણધીરા રણમાં હાય ધાઓરે.
હાય દીલીપનું વાળું સત્યાનાશ. સામંતો.
અરિ મારી નાંખવાની મમ આશ. રણધીરા.
હાય હાથમાંથી અરિ શાને જાય. સામંતો.

તૂમ કરૂં સમશેર લાગે હાય. રણધીરા.
ધારો કટારી કરો ન શૂર વાર સામંતો.
ચાલો નાગી કરો વીર તરવાર રણધીરા.

અજીતસીંગ—હે દીલીપના દૂત તારા દુષ્ટ, પાપી, અને બાયલા રાજાને જઈને કહે કે જ્યારે સરીતામાં વારીને ઠેકાણે રૂધીર વેહેશે, જ્યારે ભૂમંડળમાં સૂર્ય તથા તારાઓ પ્રવર્તન કરશે, જ્યારે આકાશ પાતાળ એક થઈ જશે, જ્યારે યજ્ઞમાં હયને બદલે માનવો હોમાશે, જ્યારે આ નગરમાંના એકેએક ક્ષત્રી બચ્ચાનો નાશ થશે, જ્યારે સતિ તેનું સતિત્વ તજશે, જ્યારે પૂર્વનો સૂર્ય પશ્ચિમમાં ઉગશે, જ્યારે આ નગરની પ્રજા અન્નને બદલે તૃણ ખાવા લાગશે, જ્યારે માહા ભૂજંગ મેદિની છોડી ચાલ્યો જશે ત્યારેજ આ કંચનપૂરનો દરબાર શત્રુને હાથ બતાવ્યા વગર મૂગે મોઢે નગર છોડી ચાલ્યો જશે. જો તે લશ્કર લઈ આવવા ચાહાતો હોય તો તેને તૂમૂલ યુદ્ધથી વધાવવા તૈયાર છીએ.

૫૮

શીપાઇઓ—સુણો માહારાજા હાય, આ શું લખે છે હોરાય,
થાએ અતિ દુઃખ હાય, કરી અચુકજ ધાય,
કાપીશું રસના દીલીપની હાય.

હાય શું બોલાય, અરિઓ કદી ન જાય, જામે કેર વરતાય,
કરી રણમાંહી લાય...જારે જા બાપલા નીકળી તું જા.

અભયસીંગ—મારા શુરવીર રણધીરાઓ આરણ સંગ્રામ ઘણોજ મોટો મચવાનો સંભવ છે. માટે તમે પોત પોતાને ઘેર જઈ જલદીથી પાછા સર્વ તૈયારી કરી રાજ દરબારના આજ મેહેલમાં એકઠા થજો. પ્રીય કાકાજી તથા મોતીસીંગ તમે પણ જલદીથી આવો. સૌ સૈન્ય તૈયાર રાખજો. હું પણ મેહેલમાં

જાઉં છું. (સીંહાસન ઉપરથી ઉતરી જતો જતો સભાજન તરફ જોઇને કહે છે.)

૫૯

સાહાય થજે દીનબંધુ કૃપાળુ સાહાય થજે દીનબંધુ.
વીણુ અપરાધે દીલીપ ચઢ્યો છે.
હૈયું રાખો તમે ઠંડુ. (કૃપાળુ સાહાય)
ચાલો સામંતો સૈન્યજ હરીએ.
દીલીપ કેરૂં સંધું. (કૃપાળુ.)

[એટલું બોલી સૌ ચાલ્યા જાય છે.]

પ્રવેશ ૨.

ચંદ્રકાન્તા—દાસી, માહારાજા હજુ કેમ પધાર્યા નથી વારૂ ? આજ શા એટલા બધા રાજ્ય કારભારની અંદર નિમગ્ન થઈ ગયા છે તે કાંઈ સમજાતુંજ નથી. તેમનો આવવાનો વખત ટળી ગયો તોપણ હજુ આવ્યા નથી. વારે ઘડીએ આવી રીતે કરવાથી મારા જીવને ઘણોજ ઉચ્ચાટ થાય છે.

કમળાદાસી—બાઈ સાહેબ ધીરજ ધરો, માહારાજા સાહેબ હમણાં આવતાજ હશે. આપ નચીત રહો. બાઇ સાહેબ, જુઓ આ આવે છે પરંતુ—

(૬૦)

બાઈ તમે સુણો માહારાજા પધારે રે
રાજાજી આજ, ગુસ્સે છે તાજ, માંથી સમાજ, આવ્યા છે
રાજ દેખાય ગતી ન્યારીરે (બાઇ)

(એટલામાં અભયસીંગ આવી ખુરશી ઉપર બેસે છે.)

ચંદ્રકાન્તા [થોડે છેટે ઉભી રહીને]

[૬૧]

પ્યારા છોરે મારા આંખ રસીકડા, ગુસ્સે દેખાવો આજ.
પ્યારા મારા રંગ રસીલા રંગ રમો મુજ સાથ

પ્યારા આજે, મારી કાજે, બેસો સેજે,
પ્યારા આ વખતે તમે ગુસ્સે દેખાવો નથી રમ્યા બાજી [પ્યારા]

અભયસીંગ—પ્રાણ પ્રીયા મારે લડાઇમાં જાવું છે.

મુખ જ જોતાં દિલગીરી ઉપજે હવે તો બેસો સાથ
પ્યારા મારા, થાઓ ન્યારા, બહુ સારા.—
હવે તતપર છું હું જીવ કાઢવા કહો કેમ છાજે [પ્યારા]

અભયસીંગ (પોતાની સ્ત્રીની આંખો લુંછતો

૬૨

પ્યારી આજે હું સંગ્રામે જાઉં છું.
અરીઓને મારીને હું પાછો આવું છું.
રણ સંગ્રામે જઇને આજે કરૂં અરી હું હાર.
દુશ્મનોને હાથ બતાવું મારૂં તેને માર (પ્યારી)
પ્યારિ ખુશીથી રહો મહેલમાં-કહુ તમોને આજ.
દીલીપસીંગને મારી નાખી લાવું તેનો તાજ (પ્યારી]
જાઉં જાઉં તે અરીઓને મારૂં ઠામે ઠામ.
જીવીશું તો મળીશું નહી તો છેલ્લા રામ રામ (પ્યારી]

જાય છે.

ચંદ્રકાન્તા—અરે હાય હાય, પ્રાણપતિ તો ગયા. હવે જી વવામાં સાર નથી. હે ધરતી દેવી મને તારા પેટમાં લઇ લે. મારા હ્રદયમાં આ કામ રૂપી અગ્નિ વ્યાપી રહ્યો છે મારાથી હવે આ વિયોગ સહન થતો નથી. અરે હાય પ્રાણેશ્વર! પા ષાણ હ્રદયને પણ અંતઃકરણમાં દયા આવે તો પછી આપ સરખા આ નાજુક અને કોમળ અંતઃકરણવાળાને દયા તજી ને નાશી ગઇ શું? આ દાસીની આપને જરાપણ કાળજી ર- હી નહી! મને આ દુઃખ સાગરમાં ડુબાડી આપ કયે રસ્તે ચાલ્યા જાઓ છો? તે રસ્તાની મને સુઝ પડતી નથી. હે પ-

રમેશ્વર તું એવો કેવો નિર્દય તથા નિષ્ઠુર થાય છે કે આ અલૌકીક તથા અસાધારણ જોડાને વિખુટાં પડેલાં જોવામાં ડહાપણ સમજી તારા ઇશ્વરી નિયમમાં તું અખંડ ભંગ આણે છે. આ દિન અનાથ ઉપર તેં શો કોપનો વરસાદ વરસાવ્યો છે. તારા મનને દયાએ અદ્દભુત રીતે પ્રભાવ કરી પીગળી કેમ નહીં નાંખ્યું. જે અર્થે તું નાથાનાથ કેહેવડાવે છે તે અર્થે આ અનાથ દાસી ઉપર જરા તો દયા લાવવી જોઇતી હતી.

કમળાઃ—બાઇ સાહેબ, આપ આટલા સુજ્ઞ તથા સમજુ થઇને આવા ગાંડપણનો કેમ સ્વીકાર કરો છો. એ દિવસમાં મહારાજા પધારશે. તેમને વિષે જરાપણ શોક કરતા નહિં. તેમને પરમેશ્વર અખંડ યશ આપશેજ, આવા દુઃખ સાગરમાંથી તરી જવાને જરાપણ ઉપાય ન કરતાં આવી રીતે શોકાગ્નીમાં બળ્યાં કરવું એ કેટલું ભૂલ ભરેલું છે? માટે સર્વ શોક તજી માહારાજાના યશને માટે પરમેશ્વરની આરાધના કરો.

ચંદ્રકાન્તા—દાસી, તું કહે છે તે સર્વ ખરૂં છે. આ દુનિઆમાં ચઢતી પડતી છે તે હું જાણું છું. અને તે નિયમને અનુસરીને મારે મારૂં વર્તન રાખવું જોઇએ. પરમેશ્વર સુખના તેમજ દુઃખના દિવસ આપે છે. એવા દિવસોમાંથી પણ આપણી જીંદગી પસાર કરવી એ આપણો ખરો સ્ત્રીધર્મ ગણવો જોઇએ. ચાલો આપણે પરમેશ્વરની સ્તુતી કરી તેને સંતુષ્ટ કરીએ, અને એ વર માગીએ કે મને મારો ચૂડો ચાંલ્લો અમર કરી આપે. (બન્ને જણ હવે જાય છે.)

પ્રવેશ ત્રીજો.

મોતીસીંગ (પડદામાંથી બોલતો બોલતો આવે છે) (સ-

ભાજન તરફ હાથ કરીને)

પ્રીયા જોવા વદન અતિ ઉત્સુક છું ખરે આ માનશું ઉભરાય.
જાઉં રણસંગ્રામે હર્ષ ભેર, આ મન વિયોગે દુઃખાય.
આજે કનોજનો પત્ર વાંચ્યાથી, અમલ વિરહ વન્હીને જબરથી
લાવે છે આ ખાસ, પ્યારીની પાસ જો, લાગે છે પાય ના ત-
લપો સમાય જો. (પ્રીયા)

પ્રેમ બંધનથી બંધાયો બહુ હું, તે ગાંઠ છૂટતાં છૂટેજ નહિ જો
ચંદ્રવદનીનું તે કોમળ અંગજો, જાય સદાનો આ અંતર સં-
ગજો (પ્રીયા)

કામાગ્નિ તપ્ત થઇને આ મુજને, પીડે છે દુઃખીત કરી મુજ પ્રાણજો
એક ક્ષણ ખરે જાયછે યુગ સમ, હાય મન તલપે રામવા
રસ રંગ જો (પ્રીયા)

પ્રેમચંદ્રીકા—બાઈ સાહેબ, આ મધુર સ્વર ક્યાંથી અને કોના સંભળાય છે ? આ હા હા ! શું તેમણે મારા તૃષિત થયેલા કાનને જેવી રીતે મેઘ ચાતક પક્ષીને જળ વૃષ્ટિથી તૃપ્ત કરી આનંદ આપે છે. તેવીજ રીતે અગર બલ્કે તેનાથી પણ વધારે મનરંજન કરીને તૃપ્ત કરે છે. આવો મધુર સ્વર કોનો હોવો જોઇએ, તે કાંઈ સમજાતું નથી. આહાહા ! શું તેની ગાવાની છટા ! ખરેખર એ કોકીળ પક્ષીનો સ્વર હોવો જોઈએ. પણ બાઇસાહેબ, હવે તે પક્ષી બોલતું કેમ બંધ થઈ ગયું તે કાંઇ સમજાતું નથી.

દેવળદેવી—દાસી, હા. હું પણ ઘણીવાર થયાં એ મધુર સ્વર સાંભળું છું. ખરેખર તે ભાન ભૂલાવી દે એવોજ છે. પરંતુ જો તે કોકીલ પક્ષી હોય તો અત્યારે મધ્યરાત્રીના સમયે તે અહીં આવી ગાતું બેસે એ વાત જરા મને અસંભવીત લાગે છે. જો કોઇપણ માણુસનો અવાજ હોય તોપણ તે

અત્યારે મધ્યરાત્રીના સમયે હોય તે પણ અશક્ય છે. તો તું બહાર જા અને જલદીથી તે વિષેની તપાસ કરી પાછી આવ. [દાસી મેડા ઉપરથી નીચે ઉતરે છે.] [બહાર આવીને મોતીસીંગને જોઇને ચકિત થાય છે. અને એકદમ પાછી જઈ દેવળદેવીને કહે છે.)

પ્રેમચંદ્રિકા—બાઇ સાહેબ, ત્યાં તો ફક્ત મહારાજા છે, પરંતુ ત્યાં કોઈ પ્રાણી મને જણાતું નથી. તેમની મુદ્રા ભયંકર તથા ક્રોધાયમાન દેખાય છે. હું ત્યાં ગઇ પરંતુ તેમણે મારી સામે જોયું પણ નહિ.

દેવળદેવી--દાસી, આ તું શું બોલે છે? મહારાજા તે અત્યારે આવે કે? તને જે તે બાબતમાં મશ્કરી કરવાની બહુ ગમે છે.

પ્રેમચંદ્રિકા—બાઇસાહેબ, આપની મશ્કરી કરવી એ મને મુદ્દલ યોગ્ય નથી. જો આપ મારૂં કહ્યું ખરૂં ન માનતાં હો તો ચાલો હું આપને તેમને બતાવું. [હવે બન્ને જણ નીચે આવે છે અને મોતીસીંગની આગળ દેવળદેવી હાથ જોડીને ઉભી રહે છે પણ મોતીસીંગ કાંઇ બોલતો નથી.]

દેવળદેવી:-- ૬૪

પ્યારા ગુસ્સે દેખાઓ આજ, મારી સેજે આજે પધારો
મારૂં હૃદય આજે બળી જાય, મારી સેજે આજે પધારો
હીંચોલે બેસો પ્રેમથી, રમજો રંગ વિલાસ
પ્યારા તમ વિના હરઘડી, લાગે જીવ ઘણોજ ઉદાસ. (મારી.)

મોતીસીંગ-- ૬૫

સાંભળ આજે તું મમ પ્યાર, લડાઇ કરવા જાઉં આજેરે.
જાણુંછું તને હું પતિવ્રતા નાર, લડાઇ કરવા „
મુજ ભ્રાતાને લખ્યા છે કાગળ, „

સૈન્ય લઇને જાતું છે આગળ, ,,
મારૂં અપમાન મુખે ન કહેવાય ,,
સર્વે દેવતાઓ કરશે મુને સહાય ,,
મારા ભ્રાતાનું લેવાને આવ્યો રાજ ,,
દીલીપ મારીને લાવુંછું તેનો તાજ ,,

(દેવળદેવીને ભેટીને ચાલ્યો જાય છે.)

પ્રવેશ ચોથો.

અભયસીંગનો દરબાર.

અભયસીંગ—શૂરવીર સેનાપતિ. તમારી શત્રુ તરફની નિ-ષ્ઠુરતા અને નિકટ ટેક જોઇને મારૂં મન ઘણુંજ ખુશ થાય છે. લડાઇમાં પણ આવીજ રીતે ટેક રાખી શત્રુઓને હરાવ-વામાં તથા તેમને ત્રાહે ત્રાહે પોકરાવવામાં મુદ્દલ ડગતા નહિ. તમે સ્વામી ભક્ત છો તે પણ હું ખાતરીથી જાણું છું. તમે તમારા સ્વામીની લાજ રાખી તેનું રાજ્ય વધારવા તથા નગ-રવાસીઓની પતિવ્રતા સ્ત્રીઓને તેમનું પાતિવ્રત્ય પાળવા યત્ન કરવા દેવાને તમે સૌ જણ એક સંપ તથા એક દીલે મરણી આ થઇને શત્રુઓને હાથ બતાવવામાં પાછા હઠતા નહિ.

અજીતસીંગ—મહારાજાધીરાજ હું તો આપનો એક ચ-ણાકીત દાસ છું. આપની આજ્ઞા પાળવી એ મારો ખરો ક્ષત્રી ધર્મ ગણું છું. પણ સરકાર હવે વિલંબ કરવો યોગ્ય નથી. કારણ આ ધૂળના ગોટા શત્રુનું સૈન્ય પાસે આવે છે એમ દેખાડી આપે છે, અને આપણા સૈન્યમાંના દરેક જણના હૃ-દયમાં “શત્રુ” “શત્રુ” એ શબ્દો વ્યાપી રહ્યા છે. તો તે શ-બ્દોનું જેમ બને તેમ જલદીથી નિરાકરણ કરવું એ સારૂં. [સૈન્ય તરફ હાથ કરીને કહે છે.] હે મારા શૂરવીર રણધી રાઓ હવે શત્રુનું સૈન્ય પાસે આવતું જાય છે, તેથી સાવધ

થાઓ; અને યાદ રાખજો કે રણક્ષેત્રમાં મરણીયા થઇ પડયા શિવાય શત્રુઓ કદી પણ હાર ખાશે નહિ. જો તમે તમારી જનની પેટે ખરો મનુષ્યાવતાર લીધો હોય તો જેનું તમે નિમક ખાધું છે તેને સહાય થઈ તે નીમકને હલાલ કરો, અને તમારી શમશેરને પૂરો માંસ રૂધિરાદી ઇચ્ચીત ભક્ષ આપીને મ્યાનમાં રાખવાને તૈયારી કરો. મનુષ્ય માત્રને મરવાનું તો એકજ વખત છે. તો પછી રણસંગ્રામમાં જઈ પોતાનું પરાક્રમ બતાવી, ત્યાં મરવા કરતાં બીજું શું તમને વધારે પ્રીય લાગે છે ? આપણે શત્રુથી શામાટે બીતું જોઇએ. શૂરાઓ તમારી સમશેરને તેમના ઘરમાંથી રજા લેવા દો, અને તેને એકદમ ચમકાવી શત્રુઓના હૃદયમાં અનિવાર્ય ઘા કરી, લોહીથી ખરડી નાંખો. વીરાઓ હવે તૈયાર થાઓ.

મોતીસીંગ—હે મારા રણધીર સામંતો તમે મારા પ્રીય બંધુની લાજ રાખી, આપણો દુશ્મન દીલીપ કે જેણે આપણા સઘળાઓનું અપમાન કર્યું છે, તેના ઉપર એકી વખતે તૂટી પડો. જો કે દીલીપનું સૈન્ય ઘણુંજ મોહું દેખાય છે તોપણ તેથી નહિ બીતાં તેમના ઉપર ધશી જઇને સસતા તથા ટેકથી લઢીને તમારાં ખરાં પરાક્રમ પ્રદર્શીત કરો.

૬૬

અજીતસીંથ—શાણા સામંતો ધીમન્તો પાછા ફરો નહિ હાય
મારો મારો અરિઓને કરો રણલાય. (શાણા)
મોતીસીંગ—પડો રણની મોઝાર, કરો અરિઓ બેઝાર, તારો
ક્ષત્રીઓની બાર, મારો શત્રુઓને માર, [શાણા]
અભયસીંગ—જૂઓ અરિઓ ન જાય, શૂર રાખો તનમાંય,
રણ ગજાવોરે હાય, ઝાળ ઉઠે તનમાંય. [શાણા]

[હવે સૈન્ય આવી ચઢેછે.]

દીલીપ [એકદમ ધસારાબધ]

૬૭

બાયલા તું મારી સાથ આવ, નક્કી હું તને મારી નાંખુરે.
આજે કટારીથી કરૂં તને ઘાત. ,,
તારો કાળ આવ્યો આજ. ,,
તારા રાજાનેં મારીને લાવું તાજ. ,,
તારી સ્ત્રીને કરીશ મુજ નાર. ,,
તારી બાળી વેરે ઘાલીશ હું હાર. ,,

મોતીસીંગ— ૬૮

નાર્મદા રાઢ ન મુખે વેણ. તારૂં તો હવે આવી બન્યુ રે.
તારા બાયલાના છેજ ખોટા કહેણ. ,,
શું ધારે અધમ નિજ મંન. ,,
પમાડુંછું તને રણમાં પતન્ન. ,,
નથી જોયા તેં ખરા ક્ષત્રી હાથ. ,,
આ કટારીથી કરૂં તારી ઘાત. ,,

મારો, મારો, કાપો, શત્રુને છાંટો, બાકી નહિ રાખો, શૂરા શાબાશ, શૂરાઓ શાબાશ છે.

[દીલીપ ઘણા ખરા સરદારોને કેદ પકડેછે.]

અંક ચોથો.

પ્રવેશ ૧ લો.

ચંદ્રકાન્તાનો મહેલ.

[બાગમાં ફુઆરા આગળ છત્રસીંગ તથા રણજીતસીંગ ફરેછે.] [ચંદ્રકાન્તા તથા દેવળદેવી સાથે બેશીને વાતો કરેછે]

ચંદ્રકાન્તા—પ્રીય બેની, રણસંગ્રામે ખબર કાઢવા ગયેલી આપણી દાસીઓ હજીસુધી કેમ નથી આવી વારૂ ? શું મ-

હારાજાને યશ મળ્યો હશે ? તેથી તેમને અહીં આવવા વાર તો નહિ લાગી હોય ! અરે પણ બેની આ શું ? મારૂં જમણું અંગ કેમ સ્ફુરણ પામેછે ? બેની, સ્ત્રીઓનું જમણું અંગ ફરકે તે અશુભ છે એવું મેં સાંભળ્યું છે. ગમે તે હો પણ આપણા રાજ્યકુળને પરમેશ્વર સુખી રાખે એટલે થયું. જુઓ પેલી દાસીઓજ આવેછે નહિ વારૂ ?

દેવળદેવી—હા તેજ છે. પણ તેમના મોં ઉપર ઉદાશી કેમ જણાય છે ? તે કાંઈ જણાતું નથી. ચાલો આપણે તે શું વૃત્તાંત લાવ્યાં છે તે સાંભળીએ. (કમળા તથા પ્રેમચંદ્રીકા બાગમાં થઈ રાણીઓ પાસે જાયછે. જતાં જતાં વાટમાં બન્ને કુંવરો કહે છે કે બેનો રણસંગ્રામથી શી ખબર લાવ્યાં છો ? દાસીઓ કાંઈ બોલતી નથી.) [દાસીઓને જોઈ ચંદ્રકાન્તા કહેછે] ચંદ્રકાન્તા—કેમ દાસી, આટલું બધું કેમ મોડું થયું વારૂ ? રણસંગ્રામના શા સમાચાર છે ? તારૂં મુખ ઉતરી ગયેલું કેમ દેખાય છે? અમારી સાથે તું કેમ બોલતી નથી ? હવે મારાથી તો રહેવાતું નથી. જે હોય તે જલદીથી કહી દે.

કમળા તથા પ્રેમચંદ્રીકા—બાઈ સા[illegible] આ-પ-ણા મ-હા-રા-જા-ઓ-ને દી-લી-પે કે-દ ક-ય[illegible] છે.

ચંદ્રકાન્તા તથા દેવળદેવી—અરે દાસીઓ તમે શું બોલોછો ? શું પ્રાણનાથ ! અને તેમને કેદ ! ખરેખર આજ અમારા સુખનો સૂર્ય અસ્ત પામ્યો. અરે દુષ્ટ દીલીપ હાય તેં આ શું કર્યું (એમ બોલી બન્ને જણ મૂર્છા પામેછે.) (થોડીવાર પછી પાણી વીગેરે છાંટીને કમળા ચંદ્રકાન્તાને સાવધ કરેછે.)

ચંદ્રકાન્તાઃ— ૬૯

જુઓ જુઓ જગતનું વેર, વરતાયો કેર, આંખમાં ઝેર.

આવ્યું છે મારા. (૨)

ઉઠ લાવ કુંવર તું તાત જલદીથી તારા.

રણજીતસીંગઃ—

શું થયું આજ હે હાય, મન મુંજાય, કંપે હે કાય;

માર્‌છું આજે. (૨)

રણમાંહિ પડીશ હું તો પિતાને કાજે.

[તે દરમ્યાન છત્રસીંગ તેની મા પાસે જાય છે. દેવળદેવી તેના મોં સામુ જોઈ તે શોક કરતી બોલેછે.]

દેવળદેવી— ૭૦

વ્હાલા નાથરે કયાં હરે ગયા
રઝળતી મૂકી કયાં જતા રહ્યા
નશીબ ફુટીઆં કંચનો તણાં
ગતિ વિષે હવે નહિ રહી મણા
છત્રસીંગ તું ઉઠ હાયરે
તાત તાહરા સ્વર્ગ જાયરે
નગરના જનો પીડાય છે ઘણા
ગતિ વિષે હવે નહિ રહી મણા
શું કર્યું પ્રભુ હાય હાયરે
આજના દુખો ના ખમાયરે
રણજીત છત્રસીંગ જાઓ બે જણા
ગતિ વિષે હવે નહિ રહી મણા

રણજીત તથા છત્રસીંગ—માતાઓ તમે બીલકુલ નિર્ભય રહો. અમે અમારો ક્ષત્રી ધર્મ ભૂલ્યા નથી. અમારા પિતાજીને છોડી લાવ્યા વગર આ રાજ્યનું અન્ન પાણી હરામ બરોબર છે. જવાની આજ્ઞા આપો.

દેવળદેવી તથા ચંદ્રકાન્તાઃ— ૭૧

વાહાલા પુત્રો છોડી અમ જાઓ, દુઃખ પડશે તોપણ ધાઓ

પાયમાલી પામે તમ રાજ, લઈ કનોજ જાઓ સૌ સાજ.
હાય અરિએ દાઝ સાધ્યો, એથી કલેશ કલપ બહુ વાધ્યો
અમ રાજ સુખને ચાહો. (દુ:ખ,)
પ્રભુ સાહાય થાજો દીનબંધુ, પાછું મેળવી રાજ સંધું
વ્હાલા પ્રાણ અરિના વિદારો, (દુ:ખ)
પતિ ગયા તેમજ પુત્રો, થાય હાડ વેરી સમ સુત્રો
જઇ તાજ સુખ સૌ લાવો. (દુ:ખ)
પ્રભુ સોંપુ તમો આ બાળો, સૌ વિઘ્ન તેઓના ટાળો.
પુત્રો ગુણ પ્રભુના ગાઓ. (દુ:ખ.)
ક્ષત્રી નામ ગજાવી વીરા, મુક્ત દેશ કરો આશુરા
કરો શીર શત્રુના ધાઓ. (દુ:ખ)

(છત્રસીંગ તથા રણજીતસીંગની પૂઠ ફરી નહિ એટલામાં તો સામે બારણેથી દીલીપ તથા દુરમતસીંગ એકદમ પ્રવેશ કરેછે.)

દીલીપસીંગઃ-- ૭૨

સુંદરી આજે તું મારીજ સાથે (૨)
ખુશીથી પ્રેમે તું ચાલ (૩)
તુંજ પતિને મેં કેદ કર્યો છે (૨)
પરણ તું મારી સાથ (૩)
તુજથી મહેલ દીપાવું હું પ્યારી (૨)
આપું તુંને સર્વ રાજ (૩)

ચંદ્રકાન્તાઃ--અરે પાપી તું બોલ નહિરે (૨)
મારીશ તુને ઠાર (૩)

(કટારી કાઢીને) મારીશ તુને મારી કટારી (૨)
કાઢીશ તારો પ્રાણ (૩)

દીલીપસીંગ—પ્યારી, તું સમજુ તથા ડાહી થઇને આવી ઘેલી વાતો કેમ કરે છે ? મારી પાસે જલદીથી આવી મને

દઢ આલીંગન આપ અને મારા આત્માને ઠંડા કર.

ચંદ્રકાન્તા—અરે દુષ્ટ પાપી ચંડાળ દીલીપ આ મારા પુજ્ય પવિત્ર દેહને દુષ્ટ શબ્દોનું તાડન કરી શા માટે તેને અપવિત્ર કરેછે. આ કટારીથી તારી જીભ કાપી નાંખીશ. દુષ્ટ આ જો તારી કેવી ગતિ ? (હાય હાય અરે પ્રભુ આ તેં મારી શી ગતિ કરી નાંખી ? એમ બોલી બેશુદ્ધ પડેછે. એટલે દીલીપ દેવળદેવી પાસે જઇને કહેછે.

દીલીપસીંગ:— ૭૩

કેવી રાણી તું સારી, પ્યારી તું મારી, ચાલ તું મારી સાથ.
પ્રાણથી પ્યારી, બંદાની પ્યારી, બીડી દે મારી બાથ;
આજે મમ સંગ તૂં ચાલજે, આપીશ સર્વે તે રાજ.
સુખી કરૂં તુને આખી રાજરે, માન તું મારૂં આજરે. કેવી

દેવળદેવી:—હે દુષ્ટ પાપી દીલીપ તારા આયુષ્યની દોરી તુટવા આવી છે. તું તારા મનમાં નક્કી સમજજે કે જ્યારે પૂર્વનો સૂર્ય પશ્ચિમે ઉગશે, નદીમાં પાણીને બદલે લોહીની નીકો વહેશે ત્યારેજ આ દેવળદેવી તથા ચંદ્રકાન્તા તને વશ થશે. સમજ્યો ! માટે પતંગીઆની પેઠે દીવામાં ઝપલાવું તું મૂકી દે, અને તારૂં કાળુ મોઢું લઇને ચાલ્યો જા. નાહક તારા જીવને જોખમમાં આણવામાં તું જો ડહાપણ ગણતો હોઇશ તો તે તારી ખરી મૂર્ખાઈ છે. (દીલીપસીંગ નાશી જાય છે) (પછી સિપાઇને હુકમ કરી તેમને જબરદસ્તીથી કેદ કરી કનોજ લઈ જાય છે.

પ્રવેશ બીજો.

કનોજનો રાજમેહેલ.

દેવળદેવી—બેની, આપણે રજપૂતની સ્ત્રીઓ છીએ અને આપણું પતિ વ્રત પાળવામાં આપણો જીવ જાય તોપણ હ

રેકત નહિ. પાંજરામાંના પોપટની માફક આપણે અહીં સપડાયાં છીએ. તે પોપટને સારૂં સારૂં ખાવાનું મળ્યાથી છુટી જવાનો યત્ન કરતો નથી તો તેવીજ રીતે જોકે આપણને બધું અહીં આપણી મરજી માફક મળે તોપણ આપણે દરેક યુક્તિ લડાવી નાશી જવું જોઇએ. આપણે તેને હમણાં વશ છીએ એમ ઢોંગ કરવો જોઇએ.

ચંદ્રકાન્તા—ઠીક. પેલો ચંડાળ પણ અહીંજ આવે છે. (દેવળદેવી હસ્તે મુખે અને ખુબ ખુશીથી કહે છે.)

દેવળદેવીઃ— ૭૪

હું કહુંછુંરે વહાલા સૂણો તમે આજે, હું આવી તમારે રાજે
મન મારૂંરે બાગ જવાનું આજે „ „

દીલીપસીંગઃ—ચાલો આપણ ત્યાં તો જઇયેરે, ત્યાં તમ સાથે
શું રીઝીએરે
તન મનમાંરે શોચ ધરો નહિ કાંઇ, હું આવું સા
થ તમ ત્યાંઇ.

ચંદ્રકાન્તાઃ—સૂણો રાજાજી પ્રધાનને તેડાવો, તે લેશે સુખનો લાવો
તમ મરજી હો તો હું પણ આવું ત્યાંહી, તમ વી
ણ સુઝે નવ કાંઇ.

દીલીપસીંગઃ—તમે આવો તેમાં ત્યાં હીરે, ના નથી અમારી કાંઇરે
અમ સાથેરે ક્રીડા કૌતુક કરજો, સૌ દુઃખ અમારા હરજો

દીલીપસીંગ—સીપાઇ, પ્રધાનજીને હમણાંને હમણાં બોલાવી લાવ.

સીપાઈ—ઠીક, મહારાજ. (દીલીપ બન્ને જણી તરફ ફરીને કહેછે.)

દીલીપસીંગ—પ્યારીઓ, કંચનપૂર કરતાં તમે અહીં કેટલા સુખમાં આવી પડયાં છો. તેનો તમે વિચાર કરો. તમે

જો પહેલાંથી મારૂં કહ્યું માન્યું હોત તો તમારા પર્ણીત ભ-ર્તારો ઉપર આવું દુઃખ આવી પડત નહી. ખરેખર પરમેશ્વર તમને આજેજ સુખનો દિવસ બતાવ્યો.

દેવળદેવી—પણ આખરે અમે તો અબળાજને! અમારી અક્કલ શું ચાલે? ખરેખર સ્ત્રીઓનેજ કેમ આવું દુઃખ આ-પ્યું છે. કોણ જાણે? અમારી અક્કલ તો ચૂલાની હદ ઓ-ળંગીને પેલી તરફ જવા બીલકુલ પામતીજ નથી. જો આ-ટલું બધું સુખ મળવાની પહેલી અમને ખબર હોત તો આ-પને આટલી તસ્દી આપવાનું કંઈ પણ કારણ નહોતું. તસ્દી માટે માફી આપશો એવી આશા છે.

દીલીપસીંગ—વહાલીઓ તમને માફી! હું તો તમારો એક દાસ છું. તમારા સુંદર સૌંદર્યે મને તમારો દાસ બનાવ્યો છે. તમારા માનમાં કાંઈ ખામી થઇ હોય, તો તમે માફી આપજો. (એટલામાં પ્રધાન આવેછે.)

દીલીપસીંગ—પ્રધાનજી, આજે એમને લઇ આપણા બા-ગમાં જવું છે. માટે મારી સાથે તમે પણ ચાલો.

દુરમતસીંગ—જેવી મહારાજની આજ્ઞા.

પ્રવેશ ત્રીજો.

(દેવળદેવી તથા ચંદ્રકાન્તા ફુલ ચૂંટવામાં રોકાઇ રહ્યાં છે એટલામાં દુરમતસીંગ કહેછે.)

દુરમતસીંગ—આ રત્નો મેળવવામાં ખરી મહેનત તો મારીજ છે. ત્યાં જઇને તેમને કેદ કરી લાવનાર તેતો હુંજ. માટે આપે દેવળદેવીને તો મને આપવી જોઇએ. નહિ તો જતે દિવસે આપના રાજને ધોકકો લાગવાનો સંભવ છે.

દીલીપસીંગ—હે નીમકહરામ પ્રધાન, મુખેથી આવાં વેણ કાઢતાં તારી જીભના કટકે કટકા કેમ નથી થતા વારૂ? શું

તું મારો પ્રધાન થઇ મારી પોતાની જીતેલી રાણીઓ ઉપર નજર દોડાવે ! હે અધમ, તને કાંઈ પણ શરમ નથી આવતી વારૂ ? આ કેટલો બધો સ્વામીદ્રોહ ! જા અહીંથી નીકળી જા ખાતરીથી સમજજે કે દેવળદેવી તને કદી પણ મળનાર નથી.

દેવળદેવી—વહાલા, આવી રીતે લઢવામાં કાંઇ પણ સાર નથી. જો આપની રજાજ હોય તો તેનો ચૂકાદો હું કરી આપીશ.

દીલીપસીંગ—પ્રાણપ્રીયા, ખુશીથી બોલ, તારૂં બોલવું હું ઘણા માનથી માન્ય રાખીશ.

૭૫

દેવળદેવી— વહાલા હવે સુણો કહું આવાર.
સલાહ લ્યો અમારી પીયુજી લગાર.
તડાગ તીરે પેલા વૃક્ષપર દેખું પોપટ આજ. (વહાલા)
ત્યાંથી કોઈ પહેલો લાવે સફળ થાય તેનું કાજ(વહાલા)
જો પ્રિતિ મમ આશ હોય તો વીર કરો આ કાર. „
આપ ચૂકાદો આપું રાજન, વાર ન કરો લગાર. „

(બન્ને જણા તળાવમાં પડેછે.) (ચંદ્રકાન્તા તથા દેવળદેવી બન્ને પુરૂષના વેશ ધારણ કરી નાશી જાય છે.)

દીલીપસીંગ—પોતાનું ઇચ્છીત કામ સફળ ન થયું તેથી નીરાશ થઇ વિલા મોંઢે પાછા કીનારા ઉપર આવેછે ત્યાં કહેછે.

અરે પ્રધાનજી—આપણી પ્રીયાઓ નાશી ગઈ શું ?

પ્રધાન—ના. ના. રાજાજી એતો ચાલો આપણે પેલા વૃક્ષ નીચે બેઠેલી હશે તો જોઇએ.

(બન્ને જણ ભીંને લુગડે ત્યાં જઈ જૂએછે તો ત્યાં કોઇ પણ નહિ એવું જોઇને કહેછે.)

દીલીપ—પ્રધાનજી. અહિં તો કોઇ નથી. અરે આપણા લુગડાં તે પણ લઇ ગયાં શું ?

પ્રધાનજી—ના ના રાજાજી તેમ નહિ એમ થાયજ કેમ? એતો એમણે મશ્કરી કરી હોવી જોઇએ. નવા જોડાની એજ દશા થાય છે.

દીલીપ—પ્રધાનજી. તમે આ શું બોલોછો. અહિં તો કોઇ પણ નથી. તેમજ આપણાં કપડાં તેઓ છીનવી લઇ ચાલી ગઇ. અરે આપણી પાયગામાં બે અશ્વો પણ કમી થયા. ખરેખર તેઓ નાશી ગઈ, અને આપણને અહીં ભીને લુગડે રઝળતા મૂકયા.

વિદૂષક—હે સભાજનો. આ જુઓ કામ વાસનાનો પ્રભાવ! પ્રત્યક્ષ રાજાને પણ ભીંને લુગડે ઉભો રાખેછે. તો પછી પ્રધાન તથા બીજા ગરીબ લોકોની તો વાતજ શી? આ ફક્ત કામરૂપી અગ્નિનો ખરો પ્રળય વ્યાપી રહ્યો છે, અને તે ફક્ત એક સ્ત્રી જાતને માટેજ? તો આવા ક્ષુલ્લક કારણને સમુળથી નાશ કરવો એ કેટલી બધી સારી વાત છે. અને જો સમુલથી નાશ ન થાય તો તમે બધા હાથમાં વીર કટારી ધારી મદન સૈન્યની સામા નીકટથી લઢી તેમનો પ્રભાવ હાલ વધ્યો છે. તે ઘટાડવાને પ્રયત્ન કરશો તોજ આપણો સ્વદેશ જે આંધળો થઈ પાયમાલીને રસ્તે અનેક કારણોથી દોરવાયો જાય છે. તે મજબુત સુખ મંદીરની ઉંચી ટોચ ઉપર ચઢી સકળ સૃષ્ટી સૌંદર્ય અવલોકન કરી તેના પૌર જનોને અચળ વિશ્રાંતી આપશે. [એમ કહી વિદૂષક ચાલ્યો જાય છે.]

દીલીપ— ૭૬

મધુરી મધુરી મધુરી નાર કયાં ગઇ હવે
કપટી કપટી કપટી સુંદરી નાશી ગઇ હવે.
પ્યારી પ્યારી પ્યારી પ્યારી છોડી કયાં જશો.
હમણાં હમણાં હમણાં હમણાં સપડાઇ જશો.

પ્રધાન, પ્રધાન, પ્રધાન, પ્રધાન નિરાશ થાવાનું.
ચાલો, ચાલો, ચાલો, ચાલો, અહીં ન રહેવાનું.

પ્રવેશ ચોથો.

(રણજીતસીંગ પર્વતની તળેટી આગળ ઉભો રહીને કહેછે.)

રણજીતસીંગ—વહાલા બંધુ, આ પર્વતમાંથી વહેતા ઝરાનું પાણી પીવું એવું મારા મનમાં આવે છે, અને મને ઘણી તૃષા પણ લાગી છે તો ચાલો આપણે જઇને થોડું પાણી પ્રાશન કરીએ. (પાછા આવીને રણજીતસીંગ કહે છે] વહાલા બંધુ આપણે અહિં સુધી આવ્યા તો ખરા પણ હવે પિતાજીને કેવી રીતે મળવું તેનો ઉપાય આપણે શોધવો પડશે. મારા શાણા સામંતો તમે પણ તે કામમાં સારી મદદ આપજો.

છત્રસીંગ—જેષ્ટ બંધુ હમણાં તો રાત્ર પડી છે, માટે અહિંજ મુકામ કરી સવારમાં શૂરાઓને અહિં રાખી આપણે બન્ને જણા પિતાજીના જેલખાના આગળ જઈત્યાંની ગોઠવણ વિગેરે ચોકસાઇથી તપાસી રાત્રે હલ્લો કરીશું. માટેતમે બધા સૂઈ જાઓ, અને હું ચોકી કરૂંછું.

રણજીતસીંગ—પ્રીય બંધુ, તમે મારાથી લઘુ વયના છો અને તેથી તમને થાક લાગ્યો છે, માટે તમને ઉજાગરો સહન થશે નહિ, તમે બધા સૂઇ જાઓ, અને હું તમારાબધાનું રક્ષણ કરીશ.

સામંતો—સરકાર અમે તમારા તાબેદાર છતાં તમે ઉજાગરો કરો એ અમને ઘણું શરમ ભરેલું છે. માટે આપ બન્ને જણ સૂઇ રહો, અને અમે આપની ચોકી કરીશું.

છત્રસીંગ—નહિ નહિ, સામંતો તેમ કદી થવાનું નથી. ક્ષત્રીના પેટે જન્મ લઇને આવા ઉજાગરાથી ડરે તો સૂર્યને પણ અલોપ થઇ જવાનું એક કારણ મળે. માટે તમે સઘળા

ખુશીથી સૂઇ રહો, અને હું ચોકી કરીશ. પ્રીય ભ્રાતા, તમે પણ સુખેથી સૂઈ રહો. [બધા સૂઇ રહ્યા અને છત્રસીંગ ચોકી કરે છે.) (એટલામાં હરપાળ (ચંદ્રકાન્તા) અને સજ્જનસીંગ (દેવળદેવી) પુરૂષના વેશમાં અશ્વો ઉપર સ્વારી કરીને આવે છે]

છત્રસીંગ—ભાઇઓ તમે કોણ છો. તમારાં નામ શાં છે? અને આવી મધ્યાન અઘોર રાત્રીએ અહિં આવવાનું શું પ્રયોજન છે. સજ્જનસીંગ (દેવળદેવી)—ભાઇ અમે બન્ને ભાઇઓ છીએ. મારૂં નામ સજ્જનસીંગ તથા મારા વડીલ બંધુનું નામ હરપાળ છે. અમે અહીં કામસર આવ્યા છીએ. રસ્તામાં ભૂલા પડ્યાથી અમારે આડો માર્ગ લેવો પડ્યો છે. અમને પાણીની ઘણી તૃષા લાગી છે, માટે આપો તો ઘણી મહેરબાની. અમારો કંઠ તદ્દન સૂકાઈ ગયો છે એક ડગલું પણ ભરવાની અમારામાં હીંમત નથી. આપ કોણ છો તે અમને જણાવ્યાથી અમે ઘણા આભારી થઇશું.

છત્રસીંગ (મનમાં) આ રજપૂતોને મારૂં ખરૂં નામ બતાવીશ તો મારા કામમાં કંઇકિ ખલીલ પહોચશે માટે અહિં ખોટું નામ અડાવવું એજ સારૂં. [ખુલ્લીરીતે] હે પ્રીય રજપૂતો હું દીલીપ રાજાનો નોકર છું અને મારૂં નામ સરદારસીંગ છે.

આપને પાણીની તૃષા લાગી છે? આ લો પાણી. એમ બોલી પાણીનો પ્યાલો આગળ ધરે છે. [પાણી પી રહ્યા પછી સજ્જનસીંગ તથા હરપાળ ચાલ્યા જાય છે.]

છત્રસીંગ—(મનમાં) હવે તો સવાર પડવા આવી માટે શૂરાઓને જગાડી તૈયારી કરવા કહું, અને હું પણ કેદખાના તરફ જવાની તૈયારી કરૂં. (હવે રંગભૂમી ઉપર સૂઝ

રહેલા શૂરાઓને જગાડે છે.] [રણજીતસીંગ જાગો થઇને કહે છે)

રણજીતસીંગ—પ્રીય બંધુ તમે ખરેખર સ્વામી ભક્તિને માટે યોગ્ય છો. તમે તમારા વડિલો તરફ આવી નિમકહલાલીથી તથા પૂજ્ય ભાવથી વર્તો છો તેનો બદલો પરમેશ્વર તમને આપશેજ.

છત્રસીંગ—પ્રીય બંધુ, ક્ષત્રીઓનો ધર્મ એ છે જે વડીલોની આજ્ઞા અક્ષરશઃ પાળવી, ને તેમંજ ભૂષણ સમજવું. હવે (નોકરો તરફ આંગળી કરી કહે છે) મારા નિમકહલાલ સરદારો, અમે કેદખાના તરફ જઇએ છીએ. આપણે આવ્યાની ખબર પિતાજી તથા કાકાજીને ગમે તેવી રીતે આપી દીવસ જેમ તેમ કરી છુપી રીતે કાઢીશું, અને રાત્રે કેદખાનું તોડી આપણું ઇચ્છીત કામ સફળ કરીશું; સાંજ પડતાંજ તમે સઘળા કેદખાના તરફ આવજો. [રણજીતસીંગ જતો જતો બોલે છે.]

રણજીતસીંગ— ૭૭

રાખો સ્વદેશાભિમાન જેથી ચઢતી થાય કમાન
રજપૂતે નિજ નીરજ ખોયું સૌ ગયું તેની સાથ
મોટા શૂરાઓની સાથે ધાડી ભીડો તમે બાથ (શુરાઓ) (રાખો)
કંચનપૂરની ગતિ જોઇને દીલગીર થઇએ આજ
સંપ રાખીને ઉંચે ચઢાવે ત્યારે વધે છે લાજ. (શૂરાઓ)(રાખો)
શાણા શૂરા શૂર બતાવો, દેશ સુધારો આજ
શૂર વાવટા ફરકાવીને, રાખો દેશની લાજ. [શૂરાઓ] (રાખો)

છત્રસીંગ— ૭૮

ક્ષત્રી ધર્મ બજાવો આજ, શૂરાઓ પાછા નહિ ફરેરે
રાજા મારી લાવું પાછું મમ રાજ, રજપૂતો રણમાં નહિ ડરેરે
ધરો ધીરજ તમે મનમાંય, શૂરાઓ પાછા નહિ ફરેરે

શૂર ચઢયું છે મારાજ તનમાંય, રજપૂતો રણમાં નહિ ડરેરે
કરો કેશરીઆં રજપૂતો હાય, શૂરાઓ પાછા નહિ ફરેરે
પાછા ફર્યાથી ક્ષત્રીનો ધર્મ જાય, રજપૂતો રણમાં નહિ ડરેરે
ક્ષત્રી પાછા ફરે થાય ભૂમિ નાશ, શૂરાઓ પાછા નહિ ફરેરે
વાળી વેર કરો અરિઓનો નાશ, રજપૂતો રણમાં નહિ ડરેરે
શું રજપૂતોનો છે ભક્ષ ઘાસ, શૂરાઓ પાછા નહિ ફરેરે
ધરણી ઢાળવી છેદીલીપની લાસ, રજપૂતો રણમાં નહિ ડરેરે
શૂરા ક્ષત્રી મા કરો અહિં વાસ, શૂરાઓ પાછા નહિ ફરેરે
અમો જઇએ છીએ તાતકેરી પાસ, રજપૂતો રણમાં નહિ ડરેરે

સામંતો— ૭૯

મહારાજ [૨] આપીશું પ્રાણ, અરિઓનો કરીશું ઘાણ.
ધરી હામ [૨] કરીશું રણલાય, નહિ પાછા ફરીશું હાય
ક્ષત્રી ધર્મ (૨) વિસાર્યો ન રાજ, કેશરીઆં કરીએ આજ
તાત પાસ ખુશીથી જાઓ, શુભ કાજ કરીને આવો
નહિ તો અમને બોલાવો, ધરી હામ [૨]
લઢીશું સામ, કરીશું કામ, આપીશું પ્રાણ (અરીઓનો)
અમો છેલ્લી સલામો કરીએ, અરિઓના સૂબજ હરીએ
નહિ તો રણમાંહી મરીએ, મહારાજ (૨)
જાઓ તમો આજ, રાખશે લાજ, આપીશું પ્રાણ (અરિઓ)

રણજીતસીંગ--શૂરાઓ શાબાશ છે, શાબાશ છે. મારા ધીરાઓ આવા અણીના અવસરે દંડ ઠોકી ઉભા રહેવું એ ખરેખર નીમકહલાલ માણસનુંજ કામ છે. જો કે દીલીપનું સૈન્ય આપણા સૈન્ય કરતાં અતિશય મોટું છે તોપણ તેની જરા પણ દરકાર રાખ્યા વિના ખાસ રણમાં મરવા માટેજ તમે ઉભા થયા છો તે જોઇને મારૂં અંતઃકરણ આનંદથી ભરાઈ આવે છે. મને તમેજ ધૈર્યવાન બનાવ્યો છે. યાદ રાખજો કે **सत्यमेव जयते** જો આપણે સત્યતાથી લઢીશું તો

જગદંબા આપણા ઉપર પ્રસન્ન થઇને આપણને સુયશ આપશેજ. ધીરાઓ હિંમત ધારો. અમે હવે જઇએ છીએ.

રણુજીતસીંગ તથા છત્રસીંગ—૮૦

અંબા માત જગદંબા સહાય હમકું કરો
પૂંજા કરૂં ઓર ફુલ ધરૂં માત, અંબાકુ ભોગ ધરો.
(અરે વીરો)
સૌકી પાલનવાળી માતા ભકતોકા દુઃખ હરો (અરે પ્રભુ)
[અંબા માત)
દુઃખકી ટાળનવાળી માતા સુખકા જહાજતરો (અરે પ્રભુ)
(અંબા માત)
સબકા પાણી વોહી ઉતારે દીલમેં સુખ ભરો (અરે પ્રભુ)
(અંબા માત)
સત્યકું ચાહતી જાગતી માતા સત્યસેં લઢો નરો (અરે વીરો)
[અંબા માત)
રણ કે બીચે સહાય કરેંગી દુષ્મનસેં તુમના ડરો.
(અરે વીરો) [અંબા માત.]
પૂઠ ન કરના માત કોપેંગી રણ કે બીચે મરો.
[અરે વીરો]

પ્રવેશ પાંચમો.

ભાટ—અરે હાય હાય મહારા બહાદુર રાજાને દુષ્ટ દીલીપે કેદ કર્યો છે ? અરે હાય આ શું ? હું સ્વપ્ન જોઉ છું કે શું ? જેનું મેં નિમક ખાધું છે તેને માટે જીવ આપવો તે હું મારો ખરો ધર્મ ગણું છું.

૮૧

સૂરજ કુંચનકા આથમા કેદ કીયે મહારાજ.
કનોજ શહેરસેં જાતા હું, મારૂં દુષ્ટ રાજ.

કરૂ ન દરકાર જાનકી, લગાવું કનોજસેં આગ.
રણુ કે બીચે મેં લડું, જઇસે સિંહ ઓર બાઘ.

૮૨

ખરેખર જૂલ્મ કર્યો આવાર.
અરી કાઢશે નહિ કહું છું હું સાર.
એ નિર્બળ શત્રૂના શા ભાર.
વિધવા કરૂં હું તેઓની નાર (ખરેખર)
થઇ નિમકહલાલ જાવું આજે
અરિ મારીને લાવું રાજે
છોડાવું જલદી જઇ તાજે
જગદંબા રાખશે સૌ લાજે (ખરેખર)
વિનંતી કરે દાસ આ તારી
જગદંબા લાજ રાખો મારી
કદી ચુકું નહિ ચોટા ધારી
હું એકલો છું અરિને ભારી (ખરેખર)

(એટલામાં ચંદ્રકાન્તા તથા દેવળદેવી ઘોડા સહીત અંદર પ્રવેશ કરે છે)

ચંદ્રકાન્તા ૮૩

અકળીત થઇ ગતિ મારી, પરમીશે કરી ન્યારી
પ્રાસાદે વસતાં હતાં, હાલ અરણ્યજ વાસ.
ભૂલ્યો પાર વિના હતા. અહર્નિશ મુજ પાસ
વિધાતા લેખ (૨) નથી ટળતા (અકળીત)
ક્ષુધાધીન વારી વિના, જીવ ઘણો ગભરાય
કુંહિત મુદ્રા બનિજ આ, શોષ ઘણો વિખરાય
નથી સૂજતું (૨) કંઇ આજે (અકળીત).
પતિવ્રત પાળ્યું આપણે, કરીએ સારૂં કાજ.
હોશે ક્યાં કુંવરો હવે, રણુ સંગ્રામે આજ

કરો મુક્ત (૨) પતિ આજે (અકળીત)
પુરૂષો બ્યંડળ બની ગયા, મનમાં દેશ ન દાઝ
પ્રબળા થઇ અબળા બન્યા. મારા અંકીત રાજ
ફરે વીરા (૨) ચીરા ધારી (અકળીત)

દેવળદેવી ૮૪

બેની ધીર ધરો મન માંહી
શૂર ઝાળ ઉઠે તનમાંહી (બેની)
ક્ષત્રિ બાળા થૈ હિંમત ના હારો
કરો નિશ્ચય મનમાંહી (બેની)
રણુ જંગ મચાવી ક્ષત્રિ છોડીશુ
ફીકર કરો નહિ કાંઇ (બેની)
અલસ દૂર કરી ખડ્ગ ધારીને
કાજ સફળ કરૂં આંહી (બેની)

ચંદ્રકાન્તા—બેની પતિવ્રત પાળ્યું સારૂ, આજે હ્રદય ચિરાએ મારૂં.
દુનીઆમાં ગમે નહિ ફરવું, નક્કી ઝેર ખાઇને મરવું.
નથી સાર અહિં રહેવામાં, નથી દોષ તને કહેવામાં
નથી પ્રાણુ મળ્યા તને તારા, પ્રાણુ કેદ થયા છે મારા.
બેની બન્ને કુંવર કયાં ગયા, શૂરા શૂરથી ન્યારા થયા.

દેવળદેવી—બેની આપણે શૂરવીર ક્ષત્રીઓની પૂત્રીઓ તથા રણધીર યોદ્ધાઓની સ્ત્રીઓ છતાં આવી રીતે વિપત્તિમાં આવ્યાથી હાથમાં લીધેલું કામ અધુરૂં મુકવું એ આપણા રજપૂતીપણાને ઘટતું નથી.

ચંદ્રકાન્તા—બેની ત્યારે હવે શું કરવું તે મને કાંઇ સૂઝતું નથી.

દેવળદેવી— ૮૫

બેની આજે લઢાઇ કરવા, ચાલો આપણે જઇએ
આપણાં દુઃખો પ્રભુ ટાળશે, સ્વામીનાથ મેળવીએ

આપણા શત્રૂ પરાભવ થાજો, મારો શ્રાપ આ ગામ
પછી આપણે બધા મળીને, જઇશું આપણુ ધામ.
પ્યારા કુંવરોનો શોધ કરીશું, ધરોને બેની હામ.
શાણા સુતાઓ છુટા કરીશું, રાખીશું ક્ષત્રી નામ.
દુષ્ટ દીલીપ સુખ સૂરજ આથમ્યો, કહું નક્કી હું આજ
કપટી અરીના તુકડા કરીને, લાવીશું પાછું રાજ

દેવળદેવી—પ્રીય બેની, મેં આજે ગામમાં એવું સાંભળ્યુ હતું કે આપણા બન્ને કુંવરો છુપી રીતે અહિં આવ્યા છે, અને આજે રાત્રે કેદખાનું તોડી લઢાઈ કરવાના છે તે વાત ઘણે ભાગે ખરી છે, માટે ચાલો ત્યાં શું બને છે તે જોવા જઇએ. આજ વેશે આપણે ત્યાં જઇશું.

પ્રવેશ ૬ ઠો

(કંચનપૂરનો નીકળેલો ભાટ હવે રણજીતસીંગ તથા છત્રસીંગને કનોજના કેદખાના આગળ મળે છે)

છત્રસીંગ—કેમ ભાટ ! તમે આવ્યા તેતો સારૂં થયું. પણ ચાલો આપણે અહિં હવે વધારે વાર થોભવું નહિ જોઇએ. આપણે બધા અહિં સુધી તો યુક્તિથી આવ્યા છીએ. પરંતુ પિતાજી તથા કાકાજીને તૈયાર થવા માટે શી રીતે ખબર આપવી, તેની તજવીજ કરવી જોઇએ.

ભાટ—પ્યારા કુંવરો, મારા મનમાં એવો વિચાર આવ્યો છે કે પેલો પહેરા ઉપરનો સિપાઈ આવે છે તેને મારી નાંખવો તેનાં કપડાં છીનવી લઇને પહેરવાં અને સિપાઇના વેશે અંદર જઇ આ બનેલી હકીકત વિશેની બધી જાણુ તેમને કરી આવીશું, તમે બન્ને જણા નચિંત રહો. હું એજ સીપાઇને પૂછું કે તમે કોણ છો અને કેદખાનાની કુંચીઓ કોની પાસે રહે છે.

રણજીતસીંગ—અરે ભાટજી, એ સીપાઇ તો નાગી તર-

ધાર લઇને છેક આપણી પાસે આવી ગયો છે, માટે હવે જો તેને આપણા હાથ બતાવ્યાને બદલે પૂઠ બતાવીશું તો આપણા ક્ષત્રી નામને કલંક લાગશે, માટે તેમ ન કરતાં આપણે મરવું યાતો મારવું. (એટલામાં પેલો સિપાઇ ભાટ આગળ આવેછે. કેમ જમાદાર સાહેબ, તમારો શો વિચાર છે ? કંઇ અમને પકડવાનો તો નથી ને ? જો હોય તો મહેરબાની કરી માંડી વાળજો.

જમાદાર—અરે કંચનપૂરના ભાટ, શું તું મને મડદાલ જેવા શબ્દો કહી ડરાવે છે ; તારા મોતીસીંગ જેવા શુરાને તો કેદ કર્યા છે તો તું તો અમારી આગળ શી ગણત્રીમાં ? તારા જેવા તણખલાને તો હું પળ વારમાં ઉડાવી દઇશ. હું તારા આવ્યાની વાત જો મારા રાજાને કહું તો તને તેતો પાયમાલજ કરી નાંખે. તથા તમને પકડવામાં મારા વાળને જો એક ધક્કો લાગશે તો તારા રાજાની જે ગતિ કાલે થવાની છે તેજ તારી થશે. રાજાનો મારા ઉપર એટલો બધો ભરોંસો છે કે કેદખાનાની બધી કુંચીઓ મને સોંપી દીધી છે. જૂઓ તે આ રહી. માટે ઘણી ખુશીથી મારી સાથે ચાલો. તમને પણ તમારા રાજાના સોબતી બનાવું.

ભાટ—અરે જમાદાર ! શું તું તારા જમાદારપણાના કપડાંથી તથા તરવારથી મને ડરાવે છે ? પણ તેથી હું કદી ડરનાર નથી. સમજ્યા જમાદાર સાહેબ ? મારી પાસે પણ શસ્ત્ર છે. આ જુઓ કટારી ! (એમ કરી કટારી કાઢે છે)

તારી પાસે ઢાળ, તરવાર, તથા બીજાં જે હથિઆરો છે તે બધાં નિરૂપયોગી છે. પણ મારી કટારીજ તારૂં લોહી પીશે. મારા રાજાની ગતિ થતાં પહેલાં તારી શી ગતિ થાય છે તે જો. (બન્ને જણ લઢે છે તેમાં જમાદાર પડેછે. પછી ભાટ લુગડાં પહેરી કુંચીઓ સાથે કેદખાના તરફ જઈ તેનાં બારણાં

ઉઘાડે છે. (બારણામાં મોતીસીંગ મળે છે.] મહારાજ આપના દરબારમાંનો એક ભાટ છું.

મોતીસીંગ—કોણ ? મારા પ્યારો ભાટ !

ભાટ—જી હાં. મેં સાંભળ્યું હતું કે આપને તથા આપના વડીલ બંધુને કાલે દેહાંત દંડની શિક્ષા થનાર છે. આપનું મૃત્યુ એ દુષ્ટના હાથથી ન થાય માટેજ હું અહીં એકલો આવ્યો હતો પણ અહિં મને આપના કુંવરો મળ્યા તે અહિંથી થોડે દૂર છુપી રીતે ઉભા છે. તથા થોડા સામંતોને પણ સાથે લઇને આવ્યા છે, માટે સાંજે સૌ તૈયાર રહેજો. અમે કેદખાનું તોડી આપને છોડાવીશું.

મોતીસીંગ—હે મારા વહાલા ભાટ અહિં તું કેવી રીતે આવ્યો. ખરેખર તું નિમકહલાલ માણસ છે.

ભાટ—જમાદારને મારી તેનાં કપડાં વિગેરે પહેરી અહિં છુપી રીતે આવ્યો છું, માટે હવે હું જાઉંછું.

૮૭

મોતીસીંગ—પ્રીય બંધુને શુરાઓ તમામ,
કંચનેથી આવ્યા છે શાણા વીર.
થાઓ તત્પર તમે હૈયે રાખો ધીર.
કંચની ભીલ ધારો હૈયે હામ (૨) (પ્રીય૦)
છુટી કેદેથી મારૂં અરિ ઠામ.
રાખું ભ્રાતાનું દીલીપ મારી નામ.
છત્ર રણજીતો રાખો તમે નામ (૨) (પ્રીય૦)
ધન્ય ભાટો આ રાખો નીજ લાજ.
સત્ય વર્તને લાવે પ્રબળ આજ.
અરી સંહારી ચાલો નીજ ધામ (૨) (પ્રીય૦)

(બધા સામંતોને આવીને મળે છે)

રણજીતસીંગ—વહાલા રજપૂતો હવે લડાઇ કરવાનો સમય પાસે આવ્યો છે, માટે કેદખાનામાંના શુરાને છોડવી પછી લડાઇ કરીશું.

ભાટ—લઢાઇ કર્યા પહેલાં હું મોતીસીંગજીને છોડવી લાવું. પછી એમના મત પ્રમાણે કરીશું.

(હવે મોતીસીંગને કેદખાનામાંથી છોડાવી લાવે છે)

મોતીસીંગ—“ શુરાઓ, મારો વિચાર એમ છે કે પહેલાં કેદખાના ઉંપરના સીપાઇને મારી સૌ શુરાને છોડવી કેદખાનું બાળી નાંખવું.

રાજા સાથે લઢાઇ કરવી અને તેને જીવતો પકડવો. શુરાઓ ! તમારી રાજ્ય ભક્તિ જોઇને મને એટલો બધો આનંદ થાય છે કે હું કહી શકતો નથી.

(હવે બધાને છોડવી લાવે છે)

અભયસીંગ— ૮૮

બંદીખાનેથી મૂકત કર્યો મુને.
શાબાશ બંધુ પ્યારારે.
શાબાશ શાણા સામંતો તમને.
દુષ્ટ દીલીપે કીધ ન્યારારે (આ બંદી)
શાબાશ મારા ભીલ કોળીઓ.
શાબાશ મારા ભાટોરે.
રણધીરા હવે રણે પડો તમે.
નિશ્ચય કરો બહું કાઠોરે (આ બંદી)
મરણીઆ થઇ લઢો લઢવઇઆ.
લઢીને સૌ નિજ નેકેરે.
મોતીસીંગ તવ ઉપકાર માનું
નક્કી તું લઢજે ટેકેરે [આ બંદી]

ભાટ—" મહારાજા ધીરાજ અહીં વધારે વાર વિલંબ કરવા કરતાં શત્રુને જઇ જલદી મળીશું એટલે તેનાથી વધારે શૈન્ય ગોઠવાશે નહિ. "

૮૯

મોતીસંગ –ઉઠો ઉઠો રણધીર, પાઓ ખણને રૂધીર
મારો મારો તાકીતીર. જેમબાજ મારે કીર
વાળો વાળો તમે વેર, રણે વરતાવો કેર
ચાલો રણે કરો સેર, પ્રભુની છે નક્કી મેર
ધન્ય ક્ષત્રીઓનું નામ, રણે શુરાઓ તમામ
બાળો દીલીપનું ગામ, નિશ્ચય હારો નહિ હામ
જો રાજાનું જાશેપાણી, ખરેખરી થાશે હાણી
દીલીપ લાવો રણે તાણી, છેલ્લી બોલું એજવાણી (ઉઠો)

૯૦

સામંતો—મહારાજ ધીર ધરો કરીએજ શુભ કાજ,
અરી મારી નાંખીશુંને લેઇશું પાછું રાજ,
હામ ધરી ચાલો રાજ મળશે વિજય ખાસ,
આપી રણુમાંહી શીર અરિની પડશે લાસ
જગત અંબા માત સૌ કરશે સારૂં કામ
માટે ચાલો જલદીથી ચિતે ધરીને હામ
રણે અરિઓને બતાવો શૂરાઓના હાથ
ચાલો ચાલો દોડી ભીડો શત્રુ સાથે બાથ

પ્રવેશ સાતમો.

૯૧

દીલીપનો સેનાપતિ.

દુષ્ટ અભયસીંગ મોતીસંગને નિર્બળ શત્રૂ આવેછે
કેદખાનું તે.ડી બાળી નાંખીને સૈન્ય સૌ અહિં આવેછે.

દીલીપ—મૂર્ખ સેનાપતિ મુખમથી બોલે શુ આબોલ (૨)
બાયલાઓ બેસી રહ્યા ખોયું નક્કી તોલ
સેનાપતિ—સૈન્ય સૌ તૈયાર કર્યુ મેં રજા લેવા રાય આવ્યો છું
રાય આપનો હુકમ સાંભળી રણમાં દેડી જાઉંછું
દીલીપ—શાબાશ સેનાપતિ પ્યારા મારા ધન્ય તારી જાત (૨)
જાઉં જાઉં રણમાં નહિ લજવું મુજ માત (દુષ્ટ)
દીલીપ—

૯૨

રજપૂતો શુરા થાઓ આજેરે (૨)
દેશને સૂધારો નિતીને વધારો [૨]
તરવાર મારો સુકાજે (રજપૂતો]
પ્રજાને સંભાળો સંહારો જંજાળો
એજ ક્ષત્રીઓને છાજે (રજપૂતો]
બીકને પડાવો શુરને ચઢાવો (૨)
આપો પ્રાણ દેશ કાજે
શુરાને જગાડી વધો અગાડી (૨)
જેથી કિર્તિઓ ગાજે (રજપૂતો)

(દીલીપ વગેરે ગયા પછી)

ઓરપાડભાઇ—આહાહા. શી રાજદ્વારી ખટપટ ! તેતો મારા મનને તદ્દન અસ્વસ્થ કરી રહી છે. જુઓ ચિંતામણરાવની અરજી આજે સરકારે મંજુર તો કરી છે, પણ પરજાત ઉપર ઉપકાર કર્યાને બદલે સ્વજાતીય લોકોને માટે આપણાથી બને તેટલી કોશીશ કરી તેમને સારી પદવીએ ચઢાવવા એમાં મારે મારો ખરો ધર્મ ગણવો જોઇએ, નહિ તો આટલી બધી મોટી પદવીએ ચઢીને આપણે શું કર્યું તેનો ખ્યાલ આપણા જાત ભાઈના મનમાં સાહજીક રીતે આવવાનો

સંભવ છે. શું મારી કંઇ થોડી સત્તા છે? તે પદવીને લાયક જો હું કામ નહિ કરૂં તો મારા નામને તથા હોદ્દાને લાંચ્છન લાગશે. હવે જો સરકાર ચિંતામણરાવને નોકરીએ લગાડશે તો મારા વગના માણસો કંઇ પણ કરી શકવાના નથી, માટે હવે તો એક ઘાટ ઘડવો જોઇએ. ચિંતામણરાવને બદલે મારા જમાઈ કાંતીલાલને તેજ જગ્યા અપાવવી, તોજ મારા હોદ્દાનું નામ રહેશે નહિ તો પછી આવી પદવી તે શા કામની? (એટલામાં ચિંતામણરાવ આવે છે) ચિંતામણરાવ (સલામ કરીને) સાહેબ. આજ મારી અરજીને ઘણા દિવસ થયા તો પણ સાહેબ બહાદૂર તરફથી હજુ મને કંઇપણ જવાબ મળ્યો નથી. આપને જો કાંઇ ખબર હોય તો મને જણાવવા કૃપા કરશો.

ઓરપાડભાઇ—હા. તેનો જવાબ મને મળ્યો છે સરકારે તારી અરજી મંજુર કરી નથી. તે વિષે રોજ રોજ પૂછી હવેથી મારૂં માથું કદી પકવીશ નહિ, તને સાફ કહું છું કે તને ઉમેદવારીમાં પણ દાખલ કરવામાં આવેનાર નથી.

ચિંતામણરાવ—જેવી સરકારની મરજી. [એમ કહી બન્ને ચાલ્યા જાય છે] (એટલામાં કનકલાલ આવી રંગભૂમી ઉપર બોલે છે) આહાહા. એક નજીવી નોકરીને માટે લોકો કેટલા બધા તરફડેછે. જોઇએ તેટલી ઠોકરો ખાય તોપણ અમારા લોકો તો સ્વપ્નામાં પણ નોકરીને નોકરીજ દેખે છે. નોકરી મેળવવામાં નીચ કર્મ કરે તો પણ તેમાં તેઓ પાપ ન સમજી ઉલટી બહાદુરાઇનું કામ કર્યું એમ કહેવડાવવા હિંમત ધરે છે. આ નોકરી અમને કઇ સ્થિતીમાં લાવી નાંખશે તેનો કાંઈ ખ્યાલજ મનમાં આવતો નથી. અરે હા જૂઓ પેલા ચિંતામણરાવ અહિંજ આવે છે. તેમને નોકરી વિષેનું

શું થયું તે પૂછીએ. પરંતુ આજ તેમનું મોઢું જરા ઉતરી ગયેલું જણાય છે તેથી તેઓ શા મોટા વિચારમાં નિમગ્ન થયા છે તે અહિં ગુપ્ત રહીને કાન દઇને સાંભળું (કનકલાલ જાય છે અને ચિંતામણરાવ બોલતો બોલતો આવે છે)

ચિંતામણરાવ—અરે હાય. હાય. આટલા દિવસ સુધી મગજને પકવી પકવીને અમલદારની મોટી પાયરીએ ચડવાની આશાએ હું બી. એ. તો થયો. પરંતુ અનુભવ વગર માણસ કોઇ પણ બાબતમાં પ્રવીણ થતો નથી એ વાત સત્ય છે. અરેરે. આટલું ભણવા છતાં આપણા પેટને પૂરતું પણ અન્ન બહાર મળવાની મારા મારી થઈ પડી છે. ખરેખર એમાં આપણા લોકોનીજ ભૂલ છે. (એટલામાં કનકલાલ આવી બોલે છે] કેમ ચિંતામણરાવ આજે તમારૂં મોંઢું કેમ ઉતરી ગયું છે વારૂ ? તમે તો કાંઈ ગુઢ વિચારમાં પડ્યા દેખાઓ છો ? હા. હા. ખરૂં હું ભૂલ્યો તમે તો હવે ભાઈ બી. એ. થયા, એટલે હવે તો તમને અધિકારીની નોકરી તો મળવા-નીજ. તો તે મળ્યા પછી જાત ભાઇઓને તથા ગરીબ લોકો ને કેવી રીતે કનડવા એના વિચાર ચાલ્યા હશે. હા. ભાઇ કરો વિચાર, પણ જુઓ હું તો તમારો જુનો મિત્રછું. મારા તરફ રહેમ નજર રાખજો. (હસે છે એટલે ચિંતામણરાવની આંખમાં પાણી ભરાઇ આવે છે તેવામાં કનકલાલ કહે છે) ભાઈ. મેં તો તમને જેવી હતી તેવી વાત કહી. તેમાં તમને ખોટું લાગ્યું ? તમે શા વિચારમાં પડ્યા છો તે તો મને ક-હોજ. ના ના. મારા સમ છે, તમે ના કહોતો.

૯૩

ચિંતામણરાવ.—(શોક કરતો)

મિત્ર દયા દિલ ધારો, શીદ મહેણા મારો, હાય અમારો,
વ્યર્થ જન્મારો.

પૈસા સૌ મેં ખર્ચીઆ, બી, એ, થવાની આશ
બીએ થયો બહુ હામથી, નોકરી માટેજ ખાશ (મીત્ર દયા)
ધર્મ કોલેજે મૂકીઓ, મિત્ર પ્રેમ પણ ત્યાંય
મૂક્યું મેં અહંકારથી, પસ્તાવો તેથીજ થાય (મિત્ર દયા)

કનકલાલ—

૯૪

કોલેજના પ્રવેશે, છોડયો કિમ તમે ધર્મ કહો ભાઈ
ધાર્મિક મેં બહુ જોયા, અને વળી નમ્ર બહુ બહુ ત્યાંઇ

ચિંતામણરાવ--

પહેલે જઈ કોલેજમાં, મસ્તક તીલક બંધ
કીધું ધર્મ ધિક્કારીને, મદથી બની બહુ અંધ (મીત્રદયા)
કેળવણી લીલા થકી, ધર્મ નથી વળી લાભ.
લાભ નથી નક્કી કહું, જાણે શ્રાપેછે આભ [મીત્રદયા

કનકલાલ—ભાઇ. આમાં તમારી મોટી ભૂલ છે. જેમ જેમ કેળવણી લઇએ તેમ તેમ બુદ્ધી વધે છે જેટલા કેળવણીથી લાભ થાય છે તેટલા બીજા કશાથીજ થતા નથી. પરંતુ તમે જે કેળવણી લોછો તે ખાસ નોકરીની આશાએ લોછો તેથીજ તમારે આખરે પસ્તાવું પડે છે.

સારી રીતે કેળવણી લઇ તમે સ્વતંત્ર ધંધાકારી શકોછો તો તેમ ન કરતાં નોકરીનીજ પાછળ ગોથાં ખાઓ છો તે તેમને કેટલું લજ્જાવહ છે તેનો વિચાર તમેજ કરો.

ચિંતામણરાવ—

૯૫

આપ બોધ સત્ય માનીને, વર્તીશ કહું છું આજ
આ જીંદગી ગુજારૂં આજથી હું દેશ કાજ
સુણો ઘોર પ્રતિજ્ઞા હમારી, માનો સત્યવીર

આ દેશ કાજે અરપું છું ખુશીથી મમશીર(આપ બોધ)
હાય હાય નોકરીમાં છે બહુજ પક્ષપાત
મન ફેરથી ઇચ્છા કરે તો કાપું જીભ હાથ (આપબોધ)

કનકલાલ--શાબાશ, શાબાશ, મારા વહાલા બંધુ તને શાબાશ છે. આવીજ રીતે કટ્ટો નિગ્રહ મારા બીજા મીત્રો પોતાના મન સાથે બાંધશે તો આપણા દેશની ઉન્નતિ જલદીથીજ થશે.

[સભાજનો તરફ જોઇને બન્ને જણ બોલે છે]

૫૬

આશ નોકરી તણી, ન ધારો લવ લેશ
ધારો ઈચ્છા કારીગરી વધેનીજ દેશ (૨]
નોકરી ખુશ મતો કરાવે નક્કી ખાસ
પક્ષપાત જોરથી બનાવે તેનો દાસ [૨]
કેળવણી લેવી પૂરી નોકરીની આશ
ધારવી ન કદી મતે કહું તમોને ખાસ(૨)
હુન્નરો ખોળો તમે તેમાં કંઇ ન લાજ
ઉત્તેજનો આપશે કહું છું દેશી રાજ (૨)
દરકાર તજી જીવની બીકને મારો તીર
દેશ ભાષા ઉત્તેજને રચો ગ્રંથ વીર (૨)
જો કૂદશો એ ધંધામાં ભીડીને મને હામ
સ્વભાવ દેશ સેવા કહી વધારે લોક નામ (૨)
જે નિંદા કરે આ ધંધાની તે જાણો મુર્ખ સાચ
અલ્પમતિ શીખે છે તેથી વધારો આંચ (૨)

મોતીસંગ:--

પ્રવેશ ૮ મો.

કનોજનો રણસંગ્રામ.

૫૭

જુઓ અરીઓનું દળ આવ્યુ, 'પહેલી ફેરા દળને બહુ ફાવ્યું'

કર્યું પ્રભુને જે બહુ ભાવ્યું જબર જસ્તીથી શુર સમાવ્યું
રાજા લાવીને બાંધું હું તાણી, અર્હી ઉતારૂં એનું પાણી
શુર જગતમાં કહેવાડો કાણી, વિદ્યા કરૂં તેની હું રાણી
શુરા સામંતો રણમાં દોડો, પકડી પકડીને અરીને તોડો
શુરા જંગ મચાવો ઘાડો, એણે બાળ્યો છે કંચનવાડો

(એટલામાં દીલીપનું સૈન્ય ચઢી આવેછે)મોતીસંગ વિગેરેની વચ્ચે ઘાડી ચકમક થયા પછી દીલીપ હારેછે અને કેદ પકડાયછે) તે દરમ્યાન ચંદ્રકાન્તા તથા દેવળદેવી કફણી પહેરીને પોતાના ધણીના પ્રેમની પરિક્ષા કરવાને એક બાજુ ઉભાં રહે છે

મોતીસંગ—પ્રીયબંધુ, આપણા તેમજ આપણા વડીલોના પૂન્ય પ્રતાપે કરીને આપણને લઢાઇમાં જય મળ્યો હવે મારી મરજી એવી છેકે કંચનપૂરમાં જવું નહિ આપ સુખેથી ત્યાં જઈ રાજ્ય ચલાવો મારે દુનિઆના કોઇ પણ ભાગમાં રીબાઇ રીબાઇને મરી જવું એવો મેં મારા મન સાથે પક્કો નિશ્ચય કર્યો છે. મારાથી આપના કોઈ પણ અપરાધ ઘડયા હોય તો માફી બક્ષવા કૃપા કરશો. આપના સિવાય મને કોઈ પણ માફી આપનાર નથી હું આપનો એક કનિષ્ટ બંધુ છું, અને આપણા બેજણની વચ્ચે કેટલો ઘાડો સંપ છે તે સૌ જાણે છે. અને તમે પણ જાણુતાજ હશો તો હવે તેને યાદ લાવી વધારે દુ:ખી થશો નહિ આ મારા છત્રસીંગને પણ આપનોજ આધારે છે.

અભયસીંગ—વહાલા બંધુ તારા આવા હૃદય દ્રાવક શબ્દોથી મારી છાતી ચીરાઇ જાય છે. મને પણ શોક કરવાનુ કેટલું બધું કારણ મળે છે તે તુજ જાણેછેજ. આજ સુધી મેં તારા તરફ જોઈ દિવસો કાઢયાં અને હવે મને તું પણ છોડીને ચાલ્યો જાય છે. પ્રીય બંધુ, તેનું કારણ શું છે તે જણાવ.

મોતીસીંગ--જેષ્ટ બંધુ, હવે મારા દુ:ખનો પાર રહ્યો નથી. જંગલોમાં રખડી વાઘ સિંહનો ભોગ થઇ બેસવું તથા ઝુરીઝુરીને પ્રાણ ત્યાગ કરૂં તેના કરતાં આપ જેવા પૂજ્ય બંધુના પવિત્ર પગ પાસે પ્રાણ છોડું તોજ મને મૂક્તિ મળશે. [કટારી પેટમાં ખોસવા જાય છે એટલામાં બધા તેનો હાથ પકડે છે. અને તે હવે બેશુદ્ધ થઇને પડે છે.]

અભયસીંગ--મારે માટે પોતાનો જીવ જોખમમાં નાંખી મને બચાવનાર મારો કનિષ્ટ બંધુ શું આજે મને તજીને જાય છે ? ત્યારે મારે પણ આ દુનિયામાં રહીને શું કરવાનું છે ? વહાલા કુંવરો આજે તમે નિરાધાર થયા. સંપસંપીને રહી કોઈ પણ મહાભારત કામમાં અમારા વહાલા ભાટ તથા શાણા સામંતોની સલાહ લેજો.(સામંતોને)સામંતો! આજથી રાજ્યની લગામના તમે ધણી થયા છો. તમારી મરજી પડે તેમ ન્યાયથી રાજ્ય ચલાવજો. [તરવાર કાઢી મારવા જાયછે એટલામાં સામંતો હાથ પકડે છે. એટલે પુરૂષ વેશ ધારી સ્ત્રીઓએ કફની ઉતારી નાંખી સ્ત્રી વેશે સામે આવીને ઉભી રહેછે અને પછી ચંદ્ર કાન્તા મોતીસીંગને સાવધ કરવા જાય છે.]

ચંદ્રકાન્તા. ૯૮

વહાલા બંધુ તમે, શુદ્ધ થાઓ કહીએ અમે
ઉભા છીએ પાસ તમારા (૨)
શત્રૂની દોરી તોડી, આવ્યા અમે આંહી દોડી
જાન બચાવ્યા અમે અમારા [૨]
દુ:ખો બહુ પામ્યા તમે. સુખ દીઠું નહિ અમે

(મોતીસીંગ હવે સાવધ થાય છે, ઉભો થઇ દેવળદેવીને ભેટીને પાછો અભયસીંગ આગળ જઇ ઉભો રહે છે]

અભયસીંગ ૯૯

ધન્ય સામંતો ધન્ય ભાટ, અહો ધન્ય ભ્રાત રણધીર

કઠણ વખતમાં આવી ઉગાર્યો, રણમાં આપી શીર
ધર્મ બજાવ્યો કર્મ કર્યું છે, આપના પૂજ્ય પ્રતાપ
જગદંબાની સહાય હતી સૌ, સૂખે બીરાજો આપ
કૃપાળુ, દુખ શેવ્યું સૂખ ભાવ્યું, વ્રત પાળ્યું [ધન્યસામંતો]

દેવળદેવી ૧૦૦

આનંદ આજે બહુ થાય થાય મારા દીલમાં.
અરી હરાવી રાજજ લીધું, પ્રભુ ખુશીથી કાર્યજ કીધું.
પ્રભુએ કીધી છે સહાય સહાય મારા દીલમાં. આનંદ.
આપના વીના સઘળું દુ:ખ, પ્યારા મળ્યાથી થયુંજ સુખ
ધન્ય શુરાની માંય માંય મારા દીલમાં. આનંદ.
સ્વદેશ જઇએ દીન બહુ થયા, છોડીને પ્યારા તમો ગયા
દુ:ખ તો હવે સૌ જાય જાય મારા દીલમાં આનંદ
ઈશ કોપથી થયાજ ન્યારા, હવે જઇશું કંચને પ્યારા
જગદંબાએ કીધો ન્યાય ન્યાય મારા દીલમાં આનંદ

અભયસીંગ–સીપાઇ, શુરા દીલીપસીંગને જલદી લઇ આવ.

સીપાઇ–જેવી મહારાજની આજ્ઞા.

અભયસીંગ–મારા વહાલા સામંતો. હવે દીલીપસીંગનો શો નિકાલ કરવો જોઇએ ? વારૂ ! તેને પાયમાલીને રસ્તે આણુવો એવો મારો તદન વિચાર નથી. પરંતુ આ કામમાં મારે તમારી તથા પ્રીયબંધુ મોતીસીંગની સલાહ લેવી જોઇએ.

મોતીસીંગ—પૂજ્ય ભ્રાતા, આપણા હાડવેરીને માફી બક્ષવી એજ પુરૂષત્વનું ખરૂં પ્રમાણુ છે. માટે મારો વિચાર એને તેનું રાજ્ય પાછું સોંપી તેને ખંડીઓ રાજા કરી રાખવો. એવા શુરા રાજાને પાયમાલ કરવો એમાં ડહાપણ નથી.

એટલામાં સીપાઇ દીલીપસીંગને લાવે છે.

અભયસીંગ–સીપાઇ તેની બેડી કાઢી નાંખ.

(બેડી કાઢે છે] શુરવીર દીલીપસીંગ તમારી બ-હાદુરી જોઈ હું ઘણોજ ખુશી થયો છું. તથા તમારૂં ચાતુર્ય જોઈ મને આનંદ થાય છે. હવે તમે મારા કેદી નથી, પણ તમારૂં રાજ્ય હું તમને પાછું સોપું છું. માટે જાઓ અને સૂખેથી રાજ્ય ચલાવો.

દીલીપસીંગ—રાજાજી ધન્ય છે આપના માત પિતાને આપ આપની જીંદગીનું સાર્થક કરી લીધું જ્યારથી હું આપને હાથે કેદ પકડાયો ત્યારથીજ મને ખાત્રી હતી કે મને દેહાંત શિક્ષા થશે પરંતુ આતો તેથી ઉલટુંજ થયું.

હવે હું આપના તાબાનો રાજા થઇ રહીશ ને આપને કઠીણ વખતે મદદ આપીશ. આજ મારો આનંદ ત્રિભુવનમાં પણ સમાતો નથી. શૂરાઓ તમને પણ ધન્ય છે. અભયસીંગ—[આગળ આવીને) હે મારા પ્રિય શ્રોતૃવંદ. તમે સર્વ મમ દીન ઉપર કૃપા કરીને મને તેમજ આ નાટ્ય જનોને ઘણાજ આભારી બનાવ્યા છે. શુંરવીર રાજ ભકત મોતીસીંગના નાટકનો ભાવાર્થ આપના મનમાં પૂર્ણ પણે ઠસ્યો હશે. તેની રાજ તથા દેશ ભકિત તરફ પૂર્ણ પણે ઉંડો વિચાર દોડાવો તો તમે ખાત્રીથી તમારા મન સાથે એવોજ નિગ્રહ બાંધશો કે તેના જેવા ભકિત માર્ગી પુરૂષો આ દુનિઆની પીઠ ઉપર મળવા મુસ્કેલ. આહાહા. શું તેની રાજ ભકિત ! કોઇ પણ રાજ્યમાં રાજ્યદ્વારી પુરૂષો આવા હોય તોજ તે રાજ કુળને તેમજ રાજ પ્રજાને શોભા આવે. હવે તેની ભાતૃ પ્રત્યેની પ્રીતિનો વિચાર કરો. પોતાના સગા ભાઇને માટે પોતાનો જીવ પણ જોખમના ખાડામાં ઉતારનાર ભાઇઓ તો આ દુંનિઆમાં જવલેજ. તમે જો ઉંડા વિચારમાં ઉતરો તો તમને ખાત્રી થશે, કે " આવા ભાઇઓ નીકળી આવવા મુસ્કેલ " તે ન્યાય ફકત

આપણા એટલે હિંદુ લોકોમાંજ મળી આવે છે. તેનું કારણ શું હોવું જોઇએ તેનો કોઇ પણ માણુસ વિચાર કરતા નથી. શા માટે વિચાર કરવો નહિ જોઇએ, તમને પરમેશ્વરે બુદ્ધિ આપી છે તો તે બુદ્ધિનો દુરૂપયોગ કરતા નહિ. તેનું કારણ શું છે તે જલદીથી શોધી કહાડો. મારા મનમાં તો એટલુંજ આવે છે કે તેનું કારણ કુસંપ છે આ કુસંપનું મૂળ માણસોના મનમાં એટલું તો સજ્જડ થતું જાય છે કે તેનાં મુળીઆં પૃથ્વીના ¾ ભાગ ઉપર વીખરાઇ પડેલાં છે. તે શા માટે પ્રસરવા જોઇએ ? પરમેશ્વરની આંખમાં બધાં માણુસો સરખાં છે. કારણ તે રાજાથી તે રંક સુધી બધાને સરખો ન્યાય આપ્યા જાય છે તો તમે તે ન્યાયને અનુગ્રહી લો છો, અને બધા એક બીજાની આંખમાં સરખા રહેતા નથી. એ ન્યાય તમો ખુશીથી કબુલ કરવા તૈયાર છો શું ? ના તેમ કદીપણ થતું ન જોઇએ. તેવું વર્તન રાખવામાં શો ફાયદો છે ? તે જો આપ કૃપાવંત થઇ મારી આગળ મૂકવા તૈયાર થાઓ તો હું આપનો ઘણો આભારી થઇશ. જે આપણો દેશ એક વખત કિર્તિની શીખરે પહોંચેલો તે હવે અપકર્ષની દુસ્તર ખોમાં અથડાયાં કરે છે તે શું આપણા દેશ બાંધવોનું તથા આપણું દુર્દૈવ નહિ કે ? આપણુને આ કેટલું લજ્જાવહ લાગે છે. આવા વિચારો સારી લાગણીવાળા માણુસોનું અંતઃકરણ ભેદી નાખ્યાજ જાય મારા દેશ બાંધવો આપના આગળ હાથ જોડી એટલી વીનંતી કરૂંછું કે તમે આ અપકર્ષની દુસ્તર ખોમાં પ્રાણુ હાનીની બીલકુલ દરકાર ન રાખતા હૈયે હામ ભીડી ઉત્તરો તમે ડરોછો શા માટે ? આવું આચરણ તમે ક્યારથી ધારણ કર્યું ? શું તમારામાં શુરા તન નથી જો હોય તો તે આ ઠેકાણે બતાવો, અને તમારા ખાડામાં પડેલા સ્વદેશને હાથમાં ઝીલી લઇ ઉંડી ખોના કિનારા ઉપર એક વખત પણ એક

સંપી થઈને લાવી નાંખો પછી તે પોતાની મેળે સુખ સંપના મધ્ય બીંદુ આગળ જશે તમે શુરત્વ તજીને બેશી રહ્યા તો પછી તમારો ધર્મ કોણ બજાવશે તમે પુરૂષ છો તમે ધારો તે કામ કરી શકો છો તમે પ્રબળ કહેવડાવાને હિંમત ધરાવો છો ત્યારે તમે અબળાઓને શા માટે નાહક તમારી પ્રબળતા આપી દોછો? એમાં તમે ડાહાપણ જો માનતા હોતો આજથી તેવું માનવું છોડી દો અબળા જ્યારે પોતાની ફરજો બજાવવા એક પગે હાજર હોય છે, તો તમે તો પ્રબળ હોવા છતાં અણઘટતુ પગલુ ભરવા તૈયાર થાઓ છે આથી વધારે તે શુ દુઃખ મયછે ? તો આજ પછી તમારા મન સાથે એવો કરો વિચાર બાધો કે કોઇ પણ કામમા તમો ભાગ લેવા તૈયાર થાઓ તો તેનો સાર સાર વિચાર કરોને પછીથી ડગલું ભરો તોજ તમારૂં ઇચ્છીત કામ સફળ થશે. જો સ્વદેશનો મૂળ પાયો ડગમળતો હોય તો પછી તે ઉપર ચણેલી ઇમારત કેટલેક દરજ્જે ગજમુત છે તેનો વિચાર કરવો તમનેજ સોંપુ છું પહેલાં તમે તેના પાયામાં હાથ ઘાલો, અને પછી તે સ્વદેશને ઉચકો તો જલદીથી તમે તેને ઉચે લાવવા શકતીમાન થશો.

(તે દરમ્યાન સર્વ પાત્રો પાછળ ગોઠવાઇ જાય છે.)

સર્વ પાત્રો ૧૦૧

હે જગદીશ વિઘ્ન નાશ કરણા, સૃષ્ટી તણા ખેલ આ.
સંતોષે ગ્રહી આશ્રમોજ અવધ કીધો પૂરો ખેલ આ.
જોડી હસ્તજ દાસ શીશ નમવે, ભકિત ઉરે ધારતું
અંધારી મહા ઘોર ગૃહેજન પડયા જલદી પ્રભુ તાર તું
પોતીકો મહા ધર્મચાલ છોડી, થાએ ઘણા નાસ્તિકો.
શિક્ષાથી દિક્ષા હરી કહો હવે, જેથી બને આસ્તિકો.
કૂટેવો દઇ હાથ ધર્મ વિસરે, હિંદુ મહાવર્ણને.
કરતા આ સ્થિતી દેશ હાય અટકો, શોધો પ્રભુ ચર્ણને.

આતાવૃંદ ખ્વરોજ કાન દઇને, હર્ષા મને ધારીને.
બાધો આ સૌ દઇએ અલ્પ ગતિથા નિંદો ખળે મારીને
છોડો પાપી ચાલવીર સઘળી, ધારો મને લાગજો.
કૂટેવો લેઇ જાય ધર્મ સઘળો, સાથી કરી દાગજો.
દેશોમાં કંગાલ દેશ જોઇ, દારીદ્ર શું હાયરે.
જાગો આ અભિમાની લોક જાગો સૂણો સૌ જાયરે.
વીરો બહું આ દેશ સાથ રહીને, શાને બનો અંધ આ,
પાપો આ વ્યસનોજ દૂર કરીને છોડો હવે છંદ આ.
રાખો નીર સ્વદેશ થાય ચઢતી, જેથી વધે લાજને.
આરોગો સુ વીચાર શ્રેષ્ઠ સમજી દેશોન્નતી કાજને.
જે ભાસ્યુ અમદાસ તેજ સમજી, અરપુ ખરે સાજનો.
માગીએ ભુલ ચૂક થાય મારી, અરપો હવે મહાજનો.